॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૨૯ ઓગસ્ટ - ૨૦૨૧

રૂા. ૫/૦૦












કચ્છી અષાઢી સંવત્સર પ્રારંભે અષાઢી બીજના દિવસે મંદિરના પ્રંગણમાં ઉજવાયેલ રથયાત્રા મહોત્સવ - ભુજ



ચાતુર્માસના પ્રારંભે ખારેક ઉત્સવ, મહાપૂજા, મહામંત્રની ધૂન તથા મહાઆરતીનું આયોજન - અંજાર



અષાઢી બીજના દિવસે શ્રીઠાકોરજીની રથયાત્રા તથા પારાયણોના
આયોજનો તથા વાડીએ વાડીએ થયેલ પ્રસાદી વૃક્ષનું વાવેતર - માંડવી





પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૦ અંક-૧ ઓગષ્ટ-૨૦૨૧
વર્ષ : ૩૮ - સળંગ અંક-૪૨૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## અનુક્રમણિકા


| | |
|---|---|
| – તંત્રીની કલમે | ૪ |
| – શિક્ષાપત્રી | ૫ |
| – પ્રાચીન યુગમાં શાસ્ત્ર પ્રચારની અદ્‌ભુત પરંપરા | ૬ |
| – જન્માષ્ટમી (ગોકુળ આઠમ) શ્રાવણ વદ-૮ | ૮ |
| – રક્ષાબંધન (બળેવ) | ૧૨ |
| – સત્સંગનું ફળ | ૧૪ |
| – મહારાજની ગમે તેવી માનુષિક લીલામાં સ્ત્રી........ | ૧૫ |
| – વાહ! રાજકોટમાં સર માલ્કમ સાહેબની પ્રાર્થના..... | ૧૭ |
| – કેવી! આજ્ઞાપાલકતા | ૧૮ |
| – "મા-બાપને" વેદના નહીં....... સંવેદના આપો | ૧૯ |
| – કંડોરડે ચોર્યાસી કરી | ૨૦ |
| – વલીભાઈનો કાંટો | ૨૧ |
| – ધોરાજીમાં ધર્મ કુમાર | ૨૨ |
| – રત્ના ભગત, અહીં કેરા આવતા રહો | ૨૩ |
| – સંત્સગ સમાચાર-દેશ | ૨૪ |
| – શ્રીઘનશ્યામ બાળસંદેશ | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



આજકાલના ઉચાટમાં અટવાયેલા અને ભૌતિક સુવિધાઓને સાચું સુખ માની બેસવાની ભ્રમણામાં ભટકતા લોકો મોટા ભાગે અજંપાભરી પરિસ્થિતિમાં સંતાપ અનુભવતા હોય છે. મનમાં પ્રવર્તતી અશાંતિને શાંતિમાં પરિવર્તિત કરવા ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે એ જાણવા છતાં એ માર્ગે ચાલવાની શરુઆત થતી નથી!

એક વાત તો નિર્વિવાદ છે કે જેના પ્રતિ વિશેષ લગાવ અને પ્રેમભાવ હોય તેના પ્રતિ જ ભક્તિભાવ ઉદ્ભવે છે. માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ, દેશભક્તિ વગેરે તેમના પ્રત્યેની લાગણી અને પ્રેમ થકી જ જન્મે છે. આ ભક્તિમાં  કર્તવ્ય, આદર, ફરજ અને જવાબદારીના ભાવ વિશેષ રહેલા છે. પરંતુ મનની શાંતિ તો પ્રભુભક્તિનો જ અનુભવાય છે. પ્રભુભક્તિનો ઉદ્ભવ તો પ્રભુ પ્રત્યે અસીમ પ્રેમ હોય તો જ થાય. ઉપરાંત સંપૂર્ણ સમર્પિત શ્રદ્ધા, નિરપેક્ષ સ્વાર્થ રહિત સર્વોચ્ચ આદરભાવ, અડગ આસ્થા અને નિર્માની દાસત્વભાવ સાથેનો પ્રેમભાવ હોય અને પ્રભુને હૃદયમાં સ્થાપિત કરી દીધા હોય તો દંભરહિત ભક્તિભાવ જાગે. આ ભક્તિભાવ અશાંતિનો અંત આણે અને ઈશ્વર સાથેની આત્મીયતાનો અનુભવ કરાવે. આ પરમપદે પહોંચવા માટે પ્રથમ તો પ્રભુને પિછાણવા પડે! પ્રભુને પિછાણવા માટે પ્રભુ માટે દરરોજ નિયમિત રીતે સમય ફાળવવો પડે! દરરોજ મંદિરે જઈ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ હાથ જોડી, આંખો બંધ કરી, મનમાં મૂર્તિને ધારી નમન સાથે દર્શન કરવાં જોઈએ. પ્રભુની પ્રતિમાને મનભરીને નીરખીને પ્રભુની આંખોમાં આંખ પરોવીને થોડી વાતો કરવી જોઈએ. માત્ર યાચનાઓ જ ન કરતાં જે કાંઈ પ્રાપ્તિ થઈ છે તે બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી કરેલી ભુલો નિખાલસપણે સ્વીકારી પ્રાયશ્ચિત કરવું જોઈએ. ક્ષમા માગવી જોઈએ. તે ઉપરાંત શ્રી ઘનશ્યામ મહારાજનાં લીલા ચરિત્રો, હરિભક્તો સાથેનાં પ્રભુનાં પ્રસંગો તેમજ પ્રભુએ પુરેલા પરચાનાં પુસ્તકો વાંચવાથી નંદ સંતો રચિત શાસ્ત્રો તથા તેમની માન્યતા પ્રાપ્ત સત્‌શાસ્ત્રનું શ્રવણ,પઠન, મનન,ચિંતન, વિદ્વાનો સાથે ચર્ચા વિચારણા તેમજ સદગુરુ સંતો સાથે સત્સંગ કરવાથી આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ થતાં પ્રભુને પિછાણી શકાય છે. પ્રભુભક્તિના રંગે રંગાઈ ગયા પછી સૃષ્ટિની કોઈ સમસ્યા મનને અશાંત કરી શકતી નથી.

પ્રભુભક્તિની અભિવ્યક્તિ સહાજિક હોવી જોઈએ. દંભ સાથે ભક્તિનું પ્રદર્શન ન કરાય. હાલમાં જ અષાઢી બીજનાં આપણા સંપ્રદાયનાં મંદિરોમાં ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાનો ઉત્સવ ભક્તિની ભરપૂર અભિવ્યક્તિ સાથે ઉજવાયો. તેમાં દંભરહિત ભક્તિભાવ વાળા હરિભક્તોના હૈયામાં હોંશ, ઉરમાં અનહદ ઉમંગ અને આંખોમાં અલૌકિક આનંદનો ઉમળકો દ્રષ્ટિગોચર થતો હતો. જ્યારે અન્ય ભક્તો માત્ર તનમાં તરવરાટ સાથે ઉજવણી કરતા હતો!

હિંડોળા મહોત્સવ પણ આવી પહોંચ્યો. પ્રિયતમ પ્રભુને ઝુલાવવા ભક્તો પ્રેમરસ રેડી દઈ કલાત્મક વિવિધ હિંડોળા તૈયાર કરી હર્ષ વિભોર થઈ જાય છે. અને ભક્તિની અભિવ્યક્તિ કરે છે.


ગુરુપૂર્ણિમાએ પરંપરાગત રીતે ગુરુવંદના સાથે ગુરુનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા. હવે સંપૂર્ણ સન્માન અને આદર ભાવ સાથે પ્રભુનો પરિચય ગુરુ પાસેથી મેળવીએ, સાચી ભક્તિ કરતાં શીખીએ.

ભક્તિરસમાં તરબોળ થઈ પ્રભુના પ્રેમરસનો પ્યાલો પી ને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ!

# શિક્ષાપત્રી

હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી



વિષ્ણુસહસ્રનામ, નારાયણકવચ, જનમંગલ, સર્વમંગલ વગેરે સ્તોત્ર પાઠ બ્રહ્મયજ્ઞ છે

''સ્તોત્રાદેરથ કૃષ્ણસ્ય પાઠઃ કાર્યઃ સ્વશક્તિતઃ ।
તથાડનધીતગીર્વાણૈઃ કાર્યં તન્નામકીર્તનમ્ ॥''

મારા આશ્રિત આત્મનિવેદી ભક્તજનો હોય તેમણે અષ્ટાક્ષર મંત્રનો જપ કર્યા પછી પોતાની શક્તિ પ્રમાણે વિષ્ણુસહસ્રનામ આદિકનો પાઠ કરવો. અને સંસ્કૃત ભાષાને જે ભણેલા ન હોય તેમણે યથાશક્તિ ભગવાનનું નામ કીર્તન કરવું.

''અનંત બ્રહ્માંડ ત્રિગુણાત્મક છે,
સ્મૃતિનું કથન સર્વશ્રેષ્ઠ છે.
ત્રિગુણાત્મકતા અકાટય છે,
અષ્ટાક્ષર મંત્ર અત્યુત્તમ છે.''

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, વિષ્ણુસહસ્રનામ, નારાયણકવચ, જનમંગલ, તથા સર્વમંગલ ઈત્યાદિક સ્તોત્રનો જે પાઠ કરવો, તેને જ બ્રહ્મ યજ્ઞ કહેવાય છે. માટે આત્મનિવેદી ભક્તજનો હોય તેમણે બ્રહ્મયજ્ઞની સિદ્ધિ માટે યથાશક્તિ વિષ્ણુસહસ્રનામનો નિયમ વડે પાઠ કરવો. અને સંસ્કૃત ભાષાને જે ભણેલા ન હોય યથાર્થ સંસ્કૃત ભાષામાં લખાયેલા શાસ્ત્રોને જે વાંચી શકે તેમ ન હોય તેમણે તો સ્તોત્રાદિકના પાઠની પેઠે નિયમ પૂર્વક ભગવાનના નામોનું કીર્તન કરવું. કે નંદ સંતોના રચેલાં કીર્તનો બોલવા, અને શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો. આ બધું અર્થના અનુસંધાન પૂર્વક કરવું. પ્રેમ વિનાનું અને મહાત્મ્ય વિનાનું કરેલું બધું વ્યર્થ જાય છે. અપેક્ષિત ફળદાયી થતું નથી.

''શાસ્ત્રાજ્ઞા સંપ્રદાયનું દિવ્ય દર્શન,
સત્સંગી અપનાવે તો બંને જીવન દર્શન,
નબળા ભક્તનું હોય નબળું વર્તન,
ફળ ભોગવે ત્યારે બને સાચું પ્રદર્શન!''

વળી નારદપંચરાત્રને વિશે પણ કહ્યું છે કે, ભગવાનની પ્રસન્નતાને માટે જે સ્તોત્રાદિકનો પાઠ કરવો, તેને બ્રહ્મ યજ્ઞ કહેવામાં આવે છે, તેમાં સ્તોત્રાદિકના પાઠનો જો સંભવ ન હોય તો હરિકૃષ્ણ, સ્વામિનારાયણ, આવાં ભગવાનના નામોનું કીર્તન કરીને બ્રહ્મ યજ્ઞ કરવો.

''બ્રહ્મ યજ્ઞ છે ખર્ચાળ ને દુર્લભ,
લો શતાનંદે કર્યો સરળ અને સુલભ,
ભક્તો સ્તોત્રો બોલો કે હરિનામ રટો,
વાણી વરસાવી બનો બ્રહ્મયજ્ઞ યાજ્ઞિક!''

આજે મોંઘવારીના જમાનામાં યજ્ઞો સામાન્ય ભક્તો માટે ત્રેવડથી વધુ પડતા મોંઘા થઈ ગયા છે. ત્યારે આપણા સંપ્રદાયે અતિ સામાન્ય ભક્ત પણ બ્રહ્મયજ્ઞનો યાજ્ઞિક બની શકે તેવી હરિનામ રટનની વ્યવસ્થા સહજ રીતે ગોઠવી સૌ ભક્તોને સમાંતરિત કર્યા છે.

''શ્રી હરિ ધામની સાક્ષાતતા,
માત્ર મંત્રના સાત્ત્વિક રટનની,
મંદિર સ્થિત મૂર્તિમાં પ્રગટે,
ને મંદિરનું પ્રાંગણ સમર્પણથી ઉભરાય,
આથી વધારે કોઈ શું ઈચ્છે ?''

મંદિર સાક્ષાત શ્રીહરિ ધામની 'રેપ્લિકા' એટલે પ્રતિકૃતિ છે. પગથિયાં સંસારી માટે ઉર્ધ્વગામી છે. આરતીની ધ્વની સત્સંગીને રણકતો સાદ દે છે. ને પ્રસાદ પ્રભુ ભોગની મીઠાશ રોમે રોમ વ્યાપ્ત કરે છે

''ષડાક્ષરી મંત્ર કર્મબંધન બાળે,
મોંઘા મનખા દેહને ઉર્ધ્વ ચડાવે,
મંદિરમાંજ શ્રી હરિ સાક્ષાત્ બતાવે!
અંતે આત્મનિવેદીતને મોક્ષ અપાવે.''

# પ્રાચીન યુગમાં શાસ્ત્ર પ્રચારની અદ્‌ભુત પરંપરા

ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી

પ્રાચીન કાળમાં આજની જેમ ગ્રન્થો છાપવાની પ્રિન્ટીંગ પ્રેસો ન હતી. આજે કોઈ વિદ્વાન્ લેખક અથવા કવિ કોઈ વિષયમાં કે કોઈ પણ ભાષામાં પુસ્તક લખ્યું હોય તેને થોડા જ દિવસોમાં તેને પ્રિંન્ટીગ પ્રેસ દ્વારા હજારોની સંખ્યામાં પુસ્તકો છાપી શકાય છે. અને તે પુસ્તકો પોસ્ટ દ્વાર કે રૂબરૂ થઈને દેશ-વિદેશમાં રહેતા અનેક લોકો સુધી થોડાજ દિવસોમાં પહોંચાડી પણ શકાય છે. તેમાં પણ આજકાલ તો ઈન્ટરનેટની સુવિધા છે, તેથી ઈન્ટરનેટની સુવિધા દ્વારા ઈ-બુક બનાવીને તે પુસ્તકને થોડીજ ક્ષણોમાં ઘર ઘર સુધી પહોંચાડી શકાય છે. આજનો આ યુગ વિવિધ ટેક્નોલોજી પૂર્ણ છે. તેથી સરલતા પૂર્ણ જ્ઞાનનો ફેલાવો કરી શકાય છે. અને પુસ્તકોમાં લખાયેલું જ્ઞાન ઘર ઘર સુધી પહોંચાડીને આવતી પેઢી માટે સુરક્ષિત પણ કરી શકાય છે.

પરંતુ આપ સૌને મનમાં ચોક્કસ એક પ્રશ્ન થતો હશે, કે આજની જેમ પ્રાચીન કાળમાં આવી કોઈ સુવિધા ન હતી, ત્યારે દેશના કોઈ એક ખૂણાના ગામમાં રહેતા વિદ્વાન્ કે કવિ અથવા જંગલોમાં રહેતા ઋષિઓ-મુનિઓ શાસ્ત્રો લખ્યાં હતાં તે શાસ્ત્રોનો ફેલાવો દેશના સર્વે નગરોના કે અન્ય રાજ્યના ઘર ઘર સુધી કેવી રીતે થયો હશે ? અને શાસ્ત્ર કેવી રીતે સુરક્ષિત રહ્યું હશે ? ઉદાહરણ તરીકે જોઈએ તો - આદિ શ્રીશંકરાચાર્ય, શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, આદિ આચાર્યોએ ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, ભગવદ્‌ગીતા જેવા મહાન ગ્રન્થો ઉપર ભાષ્યગ્રન્થો લખ્યા છે. તે ગ્રન્થો કેવી રીતે ભારતદેશના વિવિધ રાજ્યોમાં રહેતા લોકો સુધી પહોંચ્યા ? તેમજ ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી આદિકના અનેક શિષ્યોએ બૌદ્ધ, જૈનાદિ દર્શનોનાં શાસ્ત્રોની રચના કરી, તેવીજ રીતે કુમારીલભટ્ટ, વેદાન્તદેશીક, રઙ્ગરામાનુજ આદિ પંડિતો દ્વારા વિવિધ વિષયો પર શાસ્ત્રોની રચના કરી. તથા કવિ કાલિદાસ, કવિ માઘ, બાળભટ્ટ આદિ અનેક કવિઓએ વિપુલ પ્રમાણમાં કાવ્યો લખ્યાં તે શાસ્ત્રો કે કાવ્યો એ પ્રાચીન યુગમાં ભિન્ન ભિન્ન રાજ્યોમાં રહેતા લોકો સુધી કેવી રીતે પહોંચ્યાં હશે ? તે યુગમાં આજની જેમ કાગળો ન હતા. તેથી લખવું એટલું સરલ ન હતું. જંગલોમાં ભોજ અને તાળનામનાં વૃક્ષો થતાં હતાં. જંગલોમાં રહેતા આદિવાસી લોકો તે ભોજવૃક્ષોની છાલ અને તાડવૃક્ષના પાન લઈ આવીને તેને લખવા યોગ્ય પત્રો તૈયાર કરીને નગરમાં વેંચતા હતા. લેખક વિદ્વાનો આ પત્રોને ખરીદીને ઘેર લઈ જતા અને તે પત્રોમાં એક વિશેષ લેખિની દ્વારા શાસ્ત્રો લખવામાં આવતાં હતાં. એનો અર્થ એ થયો કે - એક શાસ્ત્રની મૂળ પ્રત તૈયાર કરવામાં ઘણો સમય લાગતો હતો. પછી જો એની જ બીજી પ્રત તૈયાર કરવી હોય ત્યારે મૂળ પ્રતને જોઈ જોઈને લખવી પડતી હતી. તેને માટે પણ ઘણા દિવસો લાગી જતા હતા. શાસ્ત્ર કર્તા આચાર્યો કે કવિઓ જ્યાં રહેતા હોય ત્યાં તેમના વિદ્યાર્થીઓ કે શિષ્યો પણ સાથે રહેતા હોય. ત્યારે આચાર્યો દ્વારા લખાયેલ શાસ્ત્રને જોઈ જોઈને શિષ્યો બીજી પ્રત લખી લેતા હતા. પરંતુ એ શાસ્ત્ર બીજા રાજ્યોમાં કે બીજા નગરોમાં રહેતા વિદ્વાનો સુધી કેવી રીતે પહોંચતી હશે ? આ વ્યવસ્થા જાણીને આપને આશ્ચર્ય થશે કે જ્યારે કોઈ આચાર્યો કે વિદ્વાન્ કે પછી કવિ પોતે શાસ્ત્ર લખવાનો પ્રારંભ કરે અને પછી જ્યારે એ શાસ્ત્ર પૂર્ણ થાય ત્યારે પોતાના રાજ્યના રાજદરબારમાં કે ગુરુકુળમાં વિદ્વત્ સભાનું આયોજન રાખવામાં આવે. તે વિદ્વત્ સભામાં આસ પાસના નગરોમાં કે આજુ બાજુના રાજ્યોમાં રહેતા વિદ્વાનોને આમંત્રણ આપવામાં આવતું.

જ્યારે વિદ્વાનો, કવિઓ સભામાં આવે ત્યારે પોતાના દ્વારા લખાયેલ નવું શાસ્ત્ર પણ સાથે લઈ આવતા અને પોતાના કેટલાક હોશિયાર શિષ્યોને પણ સાથે લઈ આવતા. વિદ્વત્ સભા શરુ થાય ત્યારે વિદ્વાનો સ્વયં શાસ્ત્રાર્થ કરવા લાગી જાય, પરંતુ તે સમયે તેમની સાથે જે શિષ્યો આવ્યા હોય તે શિષ્યો પોતાના ગુરુએ રચેલ નવા શાસ્ત્રની મૂળ પ્રતને બીજા રાજ્યોથી આવેલા ગુરુના

શિષ્યને આપે, અને તે શિષ્યો પણ પોતોનાં ગુરુ દ્વારા રચાયેલ શાસ્ત્ર સામેવાળા શિષ્યોને આપે. જ્યારે એકબાજુ વિદ્વાનો અર્થાત્ ગુરુઓ શાસ્ત્ર ચર્ચા કરતા હોય અને બીજી બાજુ તેમના શિષ્યો પરસ્પર ગુરુ દ્વારા રચાયેલ શાસ્ત્ર મૂળ પ્રતને જોઈ જોઈને તેની બીજી પ્રત અર્થાત્ (કોપી) કરવા લાગી જાતા હતા. જેટલા દિવસો સુધી વિદ્વત્ સભા ચાલે તે સમય દરમ્યાન મૂળ પ્રતને જોઈને શિષ્યો અનેક પ્રતો તૈયાર કરી લેતા હતા. વિદ્વત્ સભા પૂર્ણ થાય ત્યારે અંતિમ દિવસે વિદ્વાનો પોતા દ્વારા રચના કરાયેલ નવા શાસ્ત્રની જે બીજી પ્રત શિષ્યો દ્વારા તૈયાર થઈ હોય તે પ્રતને વિદ્વાનો પરસ્પર ભેટના અર્થાત્ દક્ષિણાના સ્વરુપમાં આપતા હતા. આવી રીતે શાસ્ત્રની એકમૂળ પ્રતમાંથી અનેક પ્રતો થઈ જતી અને જુદા જુદા નગરોમાં કે રાજ્યોમાં રહેતા વિદ્વાનો સુધી તે શાસ્ત્ર પહોંચી જતું હતું.

ભગવાન શ્રીસ્વામિનારાયણના જીવનમાં એક પ્રસંગ જોવા મળે છે. ભાવનગરમાં એક વિદ્વાન્ પાસે સંપૂર્ણ મહાભારતની પ્રત (પુસ્તક) હતી. શ્રીજી મહારાજે સંતોને લેવા માટે મોકલ્યા પરંતુ પંડિતે આપવાની ના પાડી દીધી. તેથી શ્રીજી મહારાજે ખુશાલ ભટ્ટ (ગોપાળાનંદ સ્વામી)ને પુસ્તક લેવા માટે મૂક્યા પણ પંડિતે તેને પણ આપવાની ના પડી દીધી તેથી ખુશાલભટ્ટે ચમત્કાર બતાવ્યો. પંડિત જ્યારે પૂજા કરવા બેસે ત્યારે પંડિતજી પોતાની સામે મૂર્તિ પધરાવે પરંતુ ભગવાનની મૂર્તિ ફરીને ખુશાલ ભટ્ટની સામે થઈ જાય. આવું અનેક વાર થયું. આ પ્રતાપ જોઈને પંડિતે ખુશાલ ભટ્ટને મહાભારતની સંપૂર્ણ પ્રત આપી. ખુશાલ ભટ્ટે આખું ગાડું ભરીને એ પ્રત ગઢપુર લાવ્યા. શ્રીજી મહારાજે તરત જ લહિયા સંતોને બોલાવીને બધાને થોડો થોડો ભાગ આપીને થોડા જ દિવસોમાં લખાવી લીધું અને મૂળ પ્રત પાછી ભાવનગરના પંડિતને સોંપી દીધી. આવી રીતે ગ્રન્થોને લખીને પ્રચાર થતો હતો. આવી અદ્‌ભુત પરંપરા ભારતીય સમાજમાં હતી, તેને કારણે અમૂલ્ય જ્ઞાનના ખજાનાથી ભરપૂર શાસ્ત્રરૂપ રત્નો આજના નવા યુગ સુધી સુરક્ષિત રહ્યાં છે અને આપણી પાસે પહોંચ્યાં છે. હવે આપણું કર્તવ્ય છે કે જ્ઞાન-વિજ્ઞાનથી પૂર્ણ શાસ્ત્રોમાંથી જ્ઞાન મેળવીને પોતાના અને દેશના વિકાસમાં ઉપયોગી બનીએ અને તેવાં શાસ્ત્રોને સુરક્ષિત રાખીને આવતી નવી પેઢીને અમૂલ્ય ભેટ આપીએ.

# ભુજમાં આવી રહ્યો છે ઉત્સવ

આપણા માટે પરમ સૌભાગ્યની વાત છે, કે આપણે સ્વયં ભગવાન સ્વામિનારાયણે શ્રી નરનારાયણ દેવની સંવત્ ૧૮૭૯, વૈશાખ સુદ-૫ના દિવસે પ્રતિષ્ઠા કરી હતી, એ પાવનકારી અવસરને આગામી વર્ષ સંવત્ ૨૦૭૯, વૈશાખ સુદ-૫ના રોજ ૨૦૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે. તા.૧૮-૦૪-૨૦૨૩ થી ૨૬-૦૪-૨૦૨૩ સુધી નવ દિવસ ભવ્યાતિભવ્ય અદ્વિતિય ધામધૂમથી મહોત્સવ ઉજવીશું. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા આ અવસરને પૂર્ણ હર્ષોલ્લાસ સાથે ઉજવવા **"શ્રી નરનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ"**નું આયોજન કરેલ છે. આ મહોત્સવ અંતર્ગત અધ્યાત્મિક, પારિવારિક, સામાજીક, પ્રાકૃતિક અને રાષ્ટ્રીય હિતોનું પોષણ અને સંવર્ધન થાય, એવા અનેકવિધ આયોજનો સાથે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. દેશ-વિદેશના આપ સર્વે ભક્તોની ઉપસ્થિતિ આ ઉત્સવના આનંદમાં અભિવૃદ્ધિ કરી પ્રસંગની વિશેષ શોભા વધારશે. આપણે સૌ સંતો-હરિભક્તો ભુજ મંદિરનું અભિન્ન અંગ છીએ. આથી સૌના તન - મન- ધનના સેવા અને સહકારથી આ ઉત્સવને અવિસ્મરણીય બનાવવા તત્પર થઇએ. ઉત્સવ અંગેના વિવિધ આયોજનોની વિષેશ માહિતી આપને વખતો વખત મળતી રહેશે.

અરે.. આ સુવર્ણ અવસરે જીવન ધન્ય બનાવવા એક જ વિચાર કરીએ - "મારો ઉત્સવ, મારી સેવા" એજ અભ્યર્થના સહ જય સ્વામિનારાયણ વાંચસોજી.

# જન્માષ્ટમી (ગોકુળ આઠમ) શ્રાવણ વદ-૮

જન્માષ્ટમી એટલે શ્રીકૃષ્ણનો જન્મોત્સવ. ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવ-દેવકી થકી આ પાવનમા દિવસે જન્મ્યા હતા.

શ્રીકૃષ્ણ વિશે ભગવાન સ્વામિનારાયણના આવા ઉદ્‌ગારો છે.

★ શ્રીકૃષ્ણ ભગવાન જેવો અવતાર સર્વ શક્તિએ યુક્ત બીજો કોઇ નથી થયો. બીજી મૂર્તિને વિશે થોડું ઐશ્વર્ય છે ને એને વિશે સંપૂર્ણ ઐશ્વર્ય છે. (પંચાળા-૬)

★ એ ત્રણે અવતાર કરતાં કોટિ ગણું શ્રીકૃષ્ણને વિશે અમારે હેત છે. (લોયા-૧૪)

★ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે આપણા ઈષ્ટદેવ છે. (ગ.મ.-૬૪)

★ એ અક્ષરધામને વિશે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ સદા વિરાજમાન છે. (ગ.પ્ર.પ્ર.-૨૧)

★ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન છે તે અક્ષરધામને વિશે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે. (વરતાલ-૨)

★ જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે પ્રકટ પ્રમાણ જે શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે. (કારીયાણી-૧૦)

★ એ સર્વેના શરીરી તે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પુરુષોત્તમ છે. (લોયા-૭)

★ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને વિશે જે ભક્તનું ચિત્ત આસક્ત થયું હોય તેનાં આવા લક્ષણો હોય જે...(ગ.મ.-૨૯)

આ ઉપરાંત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનાં સંદર્ભો શ્રીહરિ અનેકવાર આપે છે. દા.ત. (ગ.પ્ર.-૧૫, ૫૬, ૭૦), (સારંગપુર-૬), (લોયા-૭, ૧૮), (ગ.મ.-૧, ૮, ૯, ૧૩, ૧૬, ૨૦, ૩૯, ૫૪, ૬૪), (વરતાલ-૫, ૧૦, ૧૨, ૧૮) વિગેરે

આવા શ્રીકૃષ્ણ પરમાત્માના જન્મદિવસ ઉજવવા માટે શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે.

કૃષ્ણ જન્મ કથા :- મથુરા નરેશ કંસના ત્રાસમાંથી સર્વે યાદવો તથા વસુદેવ-દેવકીને મુક્ત કરવા તથા ધર્મના સ્થાપન કરવા પ્રભુએ શ્રીકૃષ્ણરૂપે અવતાર લીધો. જ્યારે મનુષ્યાવતારમાં પ્રભુના તમામ કાર્યો પૂર્ણ થયા ત્યારે સૌ ભક્તસમૂહે શ્રીકૃષ્ણ ભગવાનને પ્રાર્થના કરી કે, હે પ્રભુ! આપના પ્રાગટ્ય દિવસને અમે ધામધૂમથી ઉજવીએ.

તેના ઉત્તરમાં ભગવાન શ્રીકૃષ્ણે તેમને એક કથા કહી, પૃથ્વી પર અસુરોનો ત્રાસ વધી ગયો, અસુરોનો પાપ સહન ન કરી શકવાથી પૃથ્વી બ્રહ્મા પાસે ગઈ અને રક્ષા કરવા પ્રાર્થના કરી. તે બ્રહ્માજી આ પૃથ્વીની વિતક વ્યથા લઈને શ્વેતદ્વીપમાં એકાગ્ર મનથી મારી સ્તુતિ કરવા લાગ્યા. હું પ્રસન્ન થયો ત્યારે બ્રહ્માએ પૃથ્વીની કથા મને કરી. તે વખતે ક્ષત્રિયોરૂપે જન્મેલા દાનવોનો સંહાર કરવાનો મેં સંકલ્પ કર્યો અને વસુદેવ-દેવકી થકી પુત્રરૂપે શ્રાવણ વદી અષ્ટમીને મધરાતે હું પ્રગટ થયો.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહેલા વચનને સત્ય કરવા શ્રીકૃષ્ણ પ્રગટ્યા

ધર્મ સંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે.

ભગવાન પોતે મુક્તિદાતા છે અને તેમનો જન્મ કારાગૃહમાં થયો. મનુષ્યમાત્ર જન્મોજન્મથી પંચવિષય, સ્વભાવ, પ્રકૃતિ, વાસના અને દોષોના કારાગૃહમાં છે. પ્રભુ સ્વયં તો સ્વતંત્ર હોવાથી તેમને કારાગૃહ ન નડે, પરંતુ મનુષ્યને પોતાના અનંત જન્મોના કારાગૃહથી મુક્તિ મેળવવી હોય તો તેણે ભગવાનનો આશરો કરવો પડે, ભગવાનને માથે અને

સાથે રાખીએ તો કારાગૃહમાંથી મુક્તિ થાય.

મહાભારતના ભીષણ યુદ્ધમાં અર્જુને શ્રીકૃષ્ણને માથે રાખ્યા તો કૌરવો રૂપી સેનાનો દરિયા જેવો માહોલ ગાયના પગલાં જેવો સુગમ થઈ ગયો.

ગીતાનો સાર આ જ છે.

યત્ર યોગેશ્વરો કૃષ્ણ, યત્ર પાર્થો ધનુર્ધરઃ, તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિ ર્મતિ ર્મમ ।।.

વળી મહાભારત કહે છે.

યત્ર કૃષ્ણ : તત્ર ધર્મ : યત્ર ધર્મ : તત્ર જય :

કૃષ્ણ અને ધર્મ પર્યાયવાચી છે, દુર્યોધન પાસે ધર્મ ન હતો તે મરાણો.

અર્જુનના નિમિત્તે કૃષ્ણ સર્વે સંસારને ઉપદેશ આપે છે.

સર્વધર્માન્ પરિત્યજ્ય, મામે કં શરણં વ્રજ, અહં ત્વાં સર્વે પાપેભ્યો, મોક્ષ્યયિષ્યામિ મા શુચઃ

હે અર્જુન, તારા મનના માનેલા તમામ ધર્મોને ત્યજીને તું કેવળ એક મારે શરણે આવ હું તને સર્વ પાપોથી મુકાવીશ શોક કરીશ મા.

ધર્મવાનના સંગે કૃષ્ણ ઊભા રહે છે. કૃષ્ણ જન્મના દિવસે જુગાર રમવાનો રિવાજ છે જે સરિયામ અધર્મ છે. હું કૃષ્ણ ભક્ત છું અને દારૂ, માંસ, વ્યસન ચાલુ હોય તો તે કૃષ્ણ ભક્તિ ખોટી છે.

જીવનના રોજબરોજ પ્રસંગોમાં સાથે રહે તેવો ધર્મ જ ઉજાળે તો જ કૃષ્ણ ભક્તિ સાચી કૃષ્ણ જન્મ રીતે ઉજવ્યો કહેવાય. કૃષ્ણ જન્માષ્ટમી એ ધર્મ દૃઢ કરવાનું પ્રતીક છે.

ઈંગ્લેન્ડના પ્રખ્યાત વિચારક આર્નોલ્ડ ટોપન્વી કહે છે "In This Supremely Dangerous Moment In The History Of Mankind, The Only Way To Salvation Is The Indian Way". શ્રીકૃષ્ણે ચીંધેલા માર્ગે ચાલવાથી માનવ ઈતિહાસમાં આવી આવી વિકટ સમસ્યાનો ઉકેલ આણી શકાશે.

ધર્મવાનને સુખ-દુઃખ, માન-અપમાન, જય-પરાજય, લાભ-અલાભ એ બધામાં સ્થિર મતિ રહે છે.

ગીતાઃ- બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ, સમઃ સર્વેષુ ભૂતેષુ, મદ્ ભક્તિ લભતે પરામ।

જન્માષ્ટમીને દિવસે ગીતાનું આ હાર્દ માત્ર યાદ કરવાનું નથી પણ જીવનની પ્રત્યેક પળે તે મય થઈને જીવવાની પ્રેરણા લેવાની છે.

એક હાથમાં સુદર્શન ચક્ર અને બીજા હાથમાં વાંસળી સાથેના શ્રીકૃષ્ણ ચક્રથી અધર્મનો ઉચ્છેદ અને વાંસળીથી પ્રેમભક્તિના પોષણ માટે સદા તત્પર રહે છે.

કૃષ્ણ અને ગોપીઓની વાત શ્રીજી મહારાજે વચનામૃતમાં અનેકવાર કરી છે. વૃન્દાવનની ગોપીઓ શ્રીકૃષ્ણની વાંસળી સાંભળીને દેહભાન ભૂલી, સગા-સંબંધીની મર્યાદા તોડી યમુનાના કુંજમાં દોડી જતી. અને કૃષ્ણ લીલામાં તન્મય બની જતી આવો દેહભાવ ટળે તો કૃષ્ણ વરે.

ગોપીઓના સુખ માટે કૃષ્ણે શરદપૂનમે મહારાસની રચના કરી.

ગોપીઓની ભક્તિ :- લગભગ ૬ થી વધારે વચનામૃતમાં શ્રીજી મહારાજે ઉદ્ધવ-ગોપીઓની વાત કરી છે.

કંસના સંહાર પછી કૃષ્ણ મથુરામાં જ રહ્યા ને તેમના વિરહમાં વ્યાકુળ ગોપીઓ ગોકુળમાં હતી. તેમનો વિરહ શાંત કરવા માટે શ્રીકૃષ્ણે પોતાના સખા એવા ઉદ્ધવજીને મોકલ્યા.

ઉદ્ધવજીએ ગોપીઓને કહ્યું, "કૃષ્ણે તમારા માટે સંદેશો મોકલ્યો છે તેઓ તમને ઘણું યાદ કરે છે. તમને કૃષ્ણ યાદ આવે છે ?

ગોપીઓનો એના પ્રત્યુતરમાં જવાબ નિષ્કુળાનંદકાવ્યમાં સ્નેહગીતામાં આબાદ રીતે વર્ણવે છેઃ -

શ્યામ તન શ્યામ મન શ્યામ રે હમારો મન,

આઠો જામ ઉધો હમે, શ્યામ રે સે કામ રે
શ્યામ હિ એ શ્યામ જી એ, શ્યામ બિન નાહિ તિયે
અંધે કી સી લકરી, આધાર નામ હૈ
શ્યામ ગતિ, શ્યામ મતિ શ્યામ હી હે પ્રાણપતિ
શ્યામ સુખદાઈ સો ભલાઈ શોભાધામ હૈ
ઉધો તુમ ભયે બોરે, પાતી લેકે આયે દૌરે
જોગ કહાં રખે, યહાં રોમ રોમ શ્યામ હૈ.

ગોપીઓનો આવો જવાબ સાંભળીને ઉદ્ધવજીએ ગોપીઓની ચરણરજ પડે તેવી વૃક્ષ-લતા-વેલીનો અવતાર માંગ્યો.

ગોપીઓએ આગળ કહ્યું, ‘‘હે ઉદ્ધવ! અમારે દેહ પડે ને ચિતામાં બાળી નાખે પછી જે હાડકાં રહ્યા હોય તેને કોઈ ભૂંગળી સમજી ફૂંક મારશે તો તેમાંથી પણ કૃષ્ણ.....કૃષ્ણ......કૃષ્ણ.....એવો જ અવાજ નીકળશે.

રાધા એ કૃષ્ણનો આત્મા છે તેની સાથેના રમણને કારણે કૃષ્ણ આત્મારામ કહેવાય છે. ગોપીઓ ઘણી છે પણ રાધા એ મુખ્ય ભક્ત છે. નર(અર્જુન) છે ત્યાં ધર્મ છે, રાધા છે ત્યાં ભક્તિ છે. અને જ્યાં ધર્મ અને ભક્તિનો સંગમ છે ત્યાં નારાયણ એટલે કે કૃષ્ણ પ્રગટ છે. નરનારાયણદેવની જય.

શ્રીકૃષ્ણ અને સ્વામિનારાયણ સંપ્રદાય :-

૧-સંવત્ ૧૮૭૮ ના ભુજના નારાયણજી સુથાર પાસે સૌ પ્રથમ નરનારાયણદેવની કાષ્ઠની છાપ તૈયાર કરાવી તે દિવસ હતો જન્માષ્ટમીનો.

૨-રુકમણી કથા :- ભગવાનના શ્રેષ્ઠ ગુણો સાંભળીને રુકમણીએ મનોમન શ્રીકૃષ્ણને પતિ તરીકે સ્વીકારી લીધા અને પ્રાર્થના કરી કે હે પ્રભુ! આપ પધારો અને મારો સ્વીકાર કરો. રુકમણીનો હૃદયનાદ સાંભળીને ભગવાન દ્વારિકાથી કુંદનપુર આવ્યા અને કાંડુ પકડીને રથમાં બેસાડીને લઈ ગયા.

આ કથા સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મપુરના કુશળકુંવરબાનો પ્રસંગ વિશિષ્ટ છે. પોતાના મહેલમાં હંમેશા ભાગવતની કથા સાંભળતા આ મહારાણીએ જ્યારે ‘‘રુકમણિ કાંડુ’’ ઝાલ્યાનો પ્રસંગ સાંભળ્યો ત્યારે બોલ્યા, ‘‘ભૂદેવ ! તમે કથા વાંચી વાંચીને મરી જાવ અને હું સાંભળી સાંભળી મરી જાઉં પણ રુકમણિજીને પ્રગટ મળ્યાને કાંડુ ઝાલ્યું ત્યારે મોક્ષ થયો. એમ આપણને પણ પ્રગટ ભગવાન ન મળે ને કાંડુ ન ઝાલે ત્યાં સુધી મોક્ષ થશે નહિં.’’

કુશળકુંવરબાઈની આ ભાવના સાંભળી શ્રીહરિ ગઢપુરથી ધર્મપુર પધાર્યા ને તેમણે ટૂંકા સમયમાં જ મોક્ષનું કામ કરી લીધું. શ્રીજી મહારાજે તેમને વચનામૃત સારંગપુર-૨ માં વખાણ્યા.

૩-પોતાને માન્ય આઠ સત્શાસ્ત્રોમાં ૪ તો શ્રીકૃષ્ણ સંબંધી ગ્રંથો છે.

૪-રામાનંદ સ્વામી જયંતી :- શ્રીહરિના ગુરુ રામાનંદસ્વામીનો જન્મ સંવત્ ૧૭૯૫ માં આજ દિવસે અયોધ્યામાં થયો હતો. તેમનું નામ રામશર્મા હતું. આત્માનંદસ્વામી થકી દીક્ષા લઈ તેમણે રામાનંદસ્વામી નામ ધારણ કર્યું. તેઓ કહેતા કે હું તો ડુગડુગીનો વગાડનારો છું. ખરા વેશના ભજવનારા તો હવે આવશે.

૫- કરજીસણમાં જન્માષ્ટમીનો ઉત્સવ :- મહેસાણા જીલ્લાના કરજીસણમાં શ્રીહરિએ શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. તેમણે સંતો-ભક્તોને તેડાવ્યા. તેમાં બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ન આવ્યા. શ્રીજી મહારાજ તેમની રાહ જોવા લાગ્યા. જન્માષ્ટમીના દિવસે કલાત્મક હિંડોળામાં શ્રીહરિને જેવા પધરાવ્યા કે તરત સમાચાર આવ્યા કે બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી આવે છે. મહારાજે તે દિશામાં જોયું, હિંડોળા પર થી ઊભા થઈને સંતો સન્મુખ ચાલ્યા ને તેમને દંડવત્ કરવા લાગ્યા સંતો દોડ્યા ને મહારાજને ભેટી પડ્યા ને દંડવત્ રખાવ્યા. બ્રહ્માનંદસ્વામી કહે, ‘‘મહારાજ આપ અમને દંડવત્

કરો તે ખોટું કહેવાય'' મહારાજ કહે, ભજતા ભક્તની ભક્તિ કરવી એ અનાદિની રીત છે. ભગવાનની તેમાં મોટપ છે. ગોપીઓનો ભગવાને ત્યાગ કર્યો ત્યારે એમણે ભગવાનને મેણું માર્યું કે ભજતાને જે નથી ભજતા તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે.''

૬-ગઢપુરનો કૃષ્ણ જન્મોત્સવ :- સંવત્ ૧૮૮૦ ની જન્માષ્ટમી શ્રીહરિએ ગઢપુરમાં ઉજવી. મુનિઓ ગઢપુર આવવા લાગ્યા. શ્રાવણ વદિ ચોથથી રસોઈ ચાલુ થઈ ગઈ. શ્રીહરિ સૌને નિત્ય પીરસતા. પંદર પંદર દિવસના વારા કરી જયા, લલિતા રસોઈ દેતા. બહારથી આવેલા ભક્તોને રસોઈ દેવાનો ભાવ થાય તો તેનો માર્ગ શ્રીહરિએ રખાવ્યો હતો.

એમ કરતા ચાર દિવસ વીતી ગયા જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો સંતોએ એ દિવસે વ્રત કર્યું. સંતો-હરિભક્તો સાથે વાજતે-ગાજતે સોનાના વસ્ત્રાભૂષણ અને પુષ્પના ગુચ્છ-ગજરા-તોરા ધારણ કરીને અશ્વ પર બેસીને શ્રીહરિ નારાયણ ધરામાં નહાવા પધાર્યા.

નાહીને દરબારમાં પાછા ફરતી વેળાએ શ્રીહરિએ સૌ સંતો-હરિભક્તોને ૧-૧ પથ્થર માથે ઉપાડીને દરબારમાં મંદિર કરવા માટે લાવવા કહ્યું. ''પહેલું પથ્થર અમે લઈશું એમ કહીને પોતાની સોનેરી પાઘ પર એક પથ્થર શ્રીહરિએ ઉંચક્યો.

સંધ્યા આરતી કરીને સંતોએ રાસ મંડળના કીર્તનો ગાય વચમાં માંડવી પ્રગટાવી. મધરાતે સુંદર પારણું કર્યું હતું તેમાં લાલજીને પધરાવ્યા. મુક્તમુનિ વગેરે જન્મ સમયના પદ ગાવા લાગ્યા. ગોપાલાનંદસ્વામીએ લાલજીનો પૂજાવિધિ કર્યો. આરતી વખતે વાજીંત્રો વાગ્યા, બંદૂકો ફૂટી અને જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

૭-નીલકંઠવર્ણીરૂપે શ્રીહરિ રામાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યા તેના બે દિવસ બાદ જન્માષ્ટમી ઉત્સવ આવ્યો. આ વખતે બે સ્વરૂપે દર્શન આપી શ્રીહરિએ સૌને અદ્‌ભુત પ્રતાપ દર્શાવ્યો.

શ્રીહરિનું અસાધારણ ઐશ્વર્ય સમાધિ પ્રકરણ રૂપે સૌએ અનુભવ્યું. જન્માષ્ટમીને દિવસે એ પ્રકરણની શરૂઆત થઈ.

માંગરોળમાં જન્માષ્ટમીના ઉત્સવ સમયે શ્રેષ્ઠ મંડપમાં નંગજડિત સિંહાસન પર શ્રીહરિ બિરાજમાન હતા. ત્યારે તેમની અલૌકિક મૂર્તિ જોઈને કેટલાય બાલ-વૃદ્ધ-યુવા નરનારીઓને સમાધિ થઈ ગઈ. એ સંખ્યા એટલી મોટી થઈ ગઈ કે સૌને એક ઠેકાણે ગાદલાની થપ્પી કરી હોય તેમ ઉપરા ઉપરી ગોઠવી દેતા. કોઈને એક દિવસ, કોઈને ત્રણ દિવસ, કોઈને પાંચ દિવસ, કોઈને પંદર દિવસ તો કોઈને મહિનો તો કોઈને ત્રણ મહિના એમ સમાધિ પ્રકરણ ચાલ્યું.

શ્રીહરિનો આ અમાપ પ્રતાપ જોઈને કેટલાક પાખંડી ને દ્રોહી શ્રીહરિના આશ્રિત થયા.

પહોર દિવસ બાકી રહ્યો ત્યારે સંતોએ મલ્હાર રાગના કીર્તનો ગાયા. તેથી ઝીણી ઝીણી બુંદે વરસાદ ચાલુ થયો. મધરાત્રિ થવા આવી ત્યારે સુંદરજી સુથારે બનાવેલા હિંડોળામાં શ્રીહરિ શણગાર સજીને બિરાજમાન થયા. શ્રીકૃષ્ણ જન્મવેળાએ પારણામાં બાલમુકુંદ પધરાવ્યા. નોબત, ઢોલ ને બીજા વાજીંત્રો ભક્તોએ પધરાવ્યા. બંદૂકો ફોડી, દહીં-દૂધ ઉડાડ્યા ને સારી રીતે ઉત્સવ કર્યો. બાઈ-ભાઈ સર્વે હરિભક્તોએ કૃષ્ણજન્માષ્ટમીનો ઉપવાસ કરી રાત્રીએ જાગરણ કર્યું. તે પછી સવારે સમૂહ સ્નાન કરી પૂજા કરીને વ્રતના પારણા કર્યા.

૮- ભક્તચિંતામણીમાં શ્રીહરિના જન્માષ્ટમી ઉત્સવ સંબંધી એક અદ્‌ભુત મનુષ્યલીલાનું વર્ણન પ્રકરણ ૮૬ માં આવે છે. શ્રીજી મહારાજે અમદાવાદમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવાનું નક્કી કર્યું. પરંતુ ત્યાં લોલંગરબાવા અને સૂબાની ઉપાધિને કારણે આ ઉત્સવ ઉજવવાનું બંધ રાખ્યું.

# રક્ષાબંધન (બળેવ)

રક્ષાબંધન એટલે શ્રાવણી પૂનમ, રાખડી એ રક્ષાનું પ્રતીક

સમગ્ર ભારતવર્ષમાં આ દિવસ ભાઇ-બહેનના પવિત્ર પ્રેમની યાદ રૂપે ઉજવાય છે. બળેવનો અર્થ છે, બલિ-ઇવ બલિરાજાની જેમ સર્વસ્વ સમર્પણ કરીને થતું આત્મનિવેદન એટલે બળેવ. બળેવની કથા આ મુજબ છે.

બલિ પાસે વામનજીએ ત્રણ પગલાંના દાનમાં તેનું શરીર પણ માંગી લીધું અને તેને સુતલમાં મોકલી દીધો. બલિની સમર્પણ ભક્તિથી પ્રસન્ન થયેલા પ્રભુએ તેને વર માંગવા કહ્યું, ત્યારે બલિએ પોતાને દરવાજે અખંડ રહી દર્શન આપવાનો વર માંગ્યો. પતિ આ રીતે કેદ થઇ જવાથી લક્ષ્મીજી મુંઝાયાં. તેઓ શ્રાવણી પૂનમે બલિ પાસે ગયાં. બલિને પોતાનો ભાઇ બનાવ્યો અને રાખડી બાંધી અને રક્ષાબંધનની ભેટમાં પોતાના પતિ વિષ્ણુને મુક્ત કરવા કહ્યું.

આ વિકટ પરિસ્થિતિનો તોડ કાઢવા બ્રહ્મા, શંકર અને વિષ્ણુવચ્ચે ચાર ચાર મહિનાનો કોન્ટ્રાક્ટ થયો આમા ભગવાન વિષ્ણુનો વારો અષાઢ સુદ એકાદશીથી કાર્તિક સુદ એકાદશી હોય છે.

લક્ષ્મીજીએ બલિને રાખડી બાંધી ત્યારથી રક્ષાબંધનની શરુઆત થઇ.

મહાભારતમાં કથા છે કે સાત કોઠા વિંધવા જતા અભિમન્યુને કુંતાજીએ અમર રક્ષા બાંધી હતી.

વળી ભવિષ્યપુરાણમાં રક્ષાબંધનની કથા આ મુજબ છે. દાનવો અને દેવો વચ્ચે બાર વર્ષ સુધી મહાસંગ્રામ ચાલ્યો તેમાં દાનવોએ ઇન્દ્ર સહિત તમામ દેવોને જીતી લીધા. તેમ છતાં ઇન્દ્ર અને તમામ દેવો ફરી સંગઠિત થઇને દાનવો સામે યુદ્ધે ચડ્યા. તે સમયે ઇન્દ્રાણી અને દેવોના ગુરુ બૃહસ્પતિએ ઇન્દ્રને રક્ષાબંધનનો મહિમા સમજાવી રાખડી બાંધેલી જેના પ્રતાપથી દેવો પુનઃ વિજયી થયા.

આવો આત્મીયતાનો સ્નેહ અને અમરજ્ઞાની શુભ ભાવના પ્રસરાવતો ઉત્સવ એટલે રક્ષાબંધન. વૈદિક કે પૌરાણિક સંદર્ભો પરંપરાથી ચાલ્યા આવતા હોવા છતાં આજના યુગમાં પણ તે કેટલા અર્થસભર અને તર્કસંગત છે તે આજના પર્વના મર્મ પરથી સમજાય છે.

આ દિવસે સૂર્યોદય પહેલા ઊઠીને સ્નાનાદિક બાદ દેવો, ઋષિઓ, પિતૃઓનું તર્પણ કરી ચોખા, તલ અને રક્ષા રાખડી તૈયાર કરવામાં આવે છે. દેવો, બ્રાહ્મણો અને અસ્ત્રશસ્ત્રનું સન્માન કરી પોતાના પુરોહિત-ગુરુ કે આદરણીય વ્યક્તિ પાસે મંત્ર સાથે રાખડી ધારણ કરવાની હોય છે. સાંસારિક જીવનમાં બહેન ભાઇના કાંડે રાખડી બાંધે છે. આ બંધનથી વ્યક્તિનું વર્ષ પ્રસન્નતાથી વીતે છે આપણે જાણે ઉત્સવ ત્રિવેણી રચાય છે.

૧-બહેન-ભાઇના પ્રેમની અભિવ્યક્તિ, ૨-બ્રાહ્મણોને યજ્ઞોપવીત, ૩-વ્યાપારીઓ દ્વારા સમૂહપૂજન

રક્ષાબંધન :- ભાઇ-બહેનના પ્રેમનું પ્રાગટ્ય, સ્વાર્થસભર આ સંસાર ભાઇ-બહેનનો પ્રેમ અદ્‌ભુત નિઃસ્વાર્થ સંબંધ છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે, યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતાઃ । નારી આદર એટલે ચારિત્ર્યની નકરતા ભોગદષ્ટિને પલટાવીને પોતાની પત્ની સિવાયની પ્રત્યેક સ્ત્રીમાં પૂજ્યભાવ લાવવાનો સંદેશ રક્ષાબંધન આપે છે.

પોતાની બહેનને અનિષ્ટ તત્ત્વોથી રક્ષણનું છત્ર આપવાની બાહેંધરી આપતો ભાઇ આજે બહેન પાસે રક્ષારૂપે શુભેચ્છાઓ મેળવે છે. ભાઇના લલાટ પર કંકુ અને ચોખા ચોડતી બહેન ભાઇની નિર્મળબુદ્ધિ અને અણિશુદ્ધ વર્તનને પૂજે છે. માત્ર દષ્ટિ પરિવર્તન નહીં

પણ વૃત્તિ પરિવર્તનનું આ પર્વ વિશુદ્ધ પ્રેમનું પર્વ બનીને આવે છે.

પૂર્વકાળમાં પોતાની અનિષ્ટથી રક્ષા થાય તે માટે પત્ની પણ પતિને રાખડી બાંધતી હતી. હવે બહેનો પણ પોતાની અન્ય વિકૃત લોકોથી રક્ષા થાય તે માટે ભાઈનું કાંડુ બાંધે છે.

પુરોહિતો નીચેના શ્લોક ઉચ્ચારતા હૃદયના આશીર્વાદ ઉચ્ચારે છે.

યેન બદ્ધો બલિરાજા દાનવેન્દ્રો મહાબલ । તેન
ત્વામભિબધ્નામિ રક્ષે મા ચલ મા ચલ ॥

મહાબળવાન દાનવરાજ બલિરાજા જેના વડે બંધાયેલા-રક્ષાયેલા છે તે રક્ષાથી હું તને (યજમાનને) બાંધુ છું. માટે હે રક્ષા તું આ વ્યક્તિની રક્ષાબંધન ચલિત થતી નહી જરાય ચલિત થતી નહીં.

શ્રીજી મહારાજના સમયમાં પણ રક્ષાબંધનનું પર્વ ઉજવાતું કરજીસણના ગોવિંદભાઈને નાનાભાઈથી સત્સંગ થયો હતો. તેઓને જ્યારથી સત્સંગ થયો ત્યારથી દર શ્રાવણ માસમાં તે કરજીસણથી સાઠ ગાઉ ચાલીને શ્રીજી મહારાજને રાખડી બાંધવા ગઢડા જતા ત્રણ દિવસે ગઢડા પહોંચે. વાંસનો ટોપલો સાથે રાખતા અને વરસાદ પડે ત્યારે ઓઢી લેતા. શ્રીહરિ તેઓની રાખડી પ્રેમથી સ્વીકારતા. મહારાજને દર વખતે હરિભક્તો રાખડી બાંધતા તેમાં ઉલ્લેખ વચનામૃત ગઢડા મધ્ય-૯ માં છે.

૨-યજ્ઞોપવીત ધારણ :- યજ્ઞોપવીતમાં મુખ્ય ત્રણ દોરા અંતર્ગત નવ દોરા હોય છે. નવ દેવો સર્વ કાર્યોની સાક્ષીમાં રહે અને અશુભ થકી રક્ષા કરે તેવો યજ્ઞોપવીત ધારણનો મર્મ છે. બળ, તેજ ને ભગવાન ભજવા માટે આયુષ્ય આપનાર યજ્ઞોપવીત પરમ પવિત્ર છે. એ સંસ્કૃતિનું પ્રતીક અને પવિત્રતાનું દ્યોતક છે.

શ્રાવણી પૂનમના દિવસે સામવેદી બ્રાહ્મણો સિવાયના બ્રાહ્મણો અને જે જનોઈ ધારણ કરતા હોય તે અન્ય વર્ગના લોકો જનોઈ બદલીને નવી યજ્ઞોપવીત ધારણ કરે છે.

૩-હયગ્રીવ અવતારની જયંતી :- ભગવાન વિષ્ણુના ચોથા અવતાર હયગ્રીવી અવતાર આ દિવસે પ્રગટ્યા હતા.

ભગવાન વિષ્ણુ શયનાધીન હતા તે વેળાએ તેમના મનના મેલમાંથી મધુ અને કૈટભ નામના બે દૈત્યો ઉત્પન્ન થતા તેઓ બ્રહ્માને મારવા દોડ્યા. બ્રહ્મા રક્ષા માટે ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા. ભગવાન જાગ્યા ભગવાને બંને સાથે યુદ્ધ આરંભ્યું. આ યુધ્ધ ૫૦૦૦૦ વર્ષ ચાલ્યું. ભગવાનનું પૌરુષત્વ અને શૌર્ય જોઈ બંને દાનવો પ્રસન્ન થયા અને ભગવાનને કહ્યું તમે કાંઈક વરદાન માંગો. ભગવાન કહે તમારા મૃત્યુનો ઉપાય કહો, દાનવો કહે જ્યાં પાણી અને ભીનું હોય ત્યાં અમારું મૃત્યુ અસંભવ છે. ભગવાને તરત જ બંને ને ઊંચક્યા અને પોતાના કોરા ખોળામાં મૂકી સુદર્શન ચક્ર વડે તેમનો વધ કર્યો.

૪-નાળિયેરી પૂનમ :- ખાસ કરીને કોંકણ અને કેરલમાં આ નાળિયેરી પૂનમ વિશેષ ઉજવાય છે. દરિયાદેવને પ્રસન્ન કરવા માછીમારો તથા વેપારીઓ આ દિવસે દરિયાનું નાળિયેર દ્વારા પૂજન કરે છે. શ્રીફળથી થતા પૂજનને કારણે આને નાળિયેરી પૂનમ કહે છે.

## વિદેશથી દાન ભેટ મોકલવા માટે

Trust Name : Shree Swaminarayan Mandir • FCRA Saving A/c No.: 40072927931
Branch Code : 00691 • IFS Code : SBIN0000691
SWIFT Code : SBININBB104
Branch Address : FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch, 11, Sansad Marg, New Delhi-110001
Branch id: fcra.00691@sbi.co.in • Mandir id: kothar@swaminarayan.faith
Whats App No.: +91 75676 07000

# સત્સંગનું ફળ

લેખકઃ- મહાદેવ ધોરિયાણી, અમદાવાદ

'લીમડામાં એક ડાળ મીઠી' આ કહેવત અનુસાર સમાજમાં મીઠી ડાળ જેવો કોઈ તત્ત્વ અસ્તિત્વ ધરાવતું હોય તો તે સંતો છે. સંતોનો સદુપદેશ વેદવાણી જેટલું મહત્ત્વ ધરાવે છે. વચનામૃત ગઢડા અંત્ય ૮ માં ઉલ્લેખ છે કે, ''જ્યારે કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહં બુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે''.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે,

''સંત કે સોબત, મિલતે હૈ પ્રગટ મોરારી,
જગતમાંહી સંત પરમ હિતકારી''.

એક ગામમાં સહજાનંદ સ્વામી સંતોની મંડળી સાથે પધાર્યા. મહારાજના દર્શને માનવ મહેરામણ ઉમટી પડ્યો! એમાં ભૌતિક ઈચ્છાની તૃપ્તિ અર્થે એક લોભી મનુષ્ય પણ જાય છે, અને સત્સંગમાં નિયમિત હાજરી આપવા માંડી. એના અંતર ઊંડી ઈચ્છા તો એવી હતી કે મહારાજનો રાજીપો મેળવી જડીબુટ્ટી કે કીમિયો માંગી લેવો. તેથી સત્સંગની સાથોસાથ મહારાજની સેવા પણ કરવા લાગ્યો.

આજે તો મહારાજની અને સંતોની વિદાયનો દિવસ છે. વિદાયની ઘડી સુધી મહારાજે કંઈ પણ કૃપા દર્શાવી નહીં, એટલે આ લોભીની સહનશક્તિનો અંત આવી ગયો. તેણે ઉશ્કેરાટથી પૂછ્યુંઃ

''મહારાજ! મને તો એ જ નથી સમજાતું કે સત્સંગનો લાભ શું? આના કરતા તો મેં ધંધામાં ચિત્ત રાખ્યું હોત તો આવક વધત, અરે! હું તો ઊલટાનો ખાલી થઈ ગયો.''

ભક્તાના ક્રોધનું કારણ મહારાજ પામી ગયા, મહારાજ શાંતિથી કહ્યું, ''સત્સંગનો લાભ જોવો છે ને? જુઓ સામે ખૂણામાં એક મેલી અને ગંદી ટોપલી પડી છે તે લઈને નદીમાંથી પાણી ભરી લાવો પછી હું તમને સત્સંગનો મહિમા સમજાવું''.

આ લોભી ભક્ત મૂંઝાયો. ટોપલીમાં પાણી કઈ રીતે રહી શકે? કદાચ ચમત્કારથી પાણી ટકી રહેશે. આવી શ્રદ્ધાથી તે ટોપલી લઈ તે નદીમાંથી ટોપલીમાં પાણી લેવાનો પ્રયાસ કરવા લાગ્યો. પણ વાંસની ટોપલીમાં પાણી ક્યાંથી ટકે? તેણે ૧૫ એક વખત ટોપલીનો પાણીમાં ઝબોળીને પાણી લેવાનો પ્રયત્ન કર્યો, પણ સફળ થયો નહીં.

આખરે પાછા આવીને મહારાજને કહ્યું. ''મેં ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ ટોપલી ચારેકોર કાણી એટલે પાણી રહ્યું જ નહીં''.

''મહારાજ તો પરિણામથી વિદિત જ હતા એટલે તેમણે પ્રતિપ્રશ્ન કર્યો, પણ ટોપલીમાં કાંઈ ફરક પડ્યો કે નહીં?''

પેલાએ કહ્યું, ''ફરક તો ફક્ત એટલો જ પડયો કે ટોપલી ગંદી હતી તે ધોવાઈને સાફ થઈ ગઈ.''

મહારાજે મરક મરક હસતાં કહ્યું, ''ભાઈ! એ જ મોટો ફેરફાર છે. સત્સંગનું એ જ મોટામાં મોટું ફળ છે. પાણીના સંગથી જેમ ટોપલીનો કચરો સાફ થઈ ગયો, તેમ સંત સમાગમથી કામ-ક્રોધ રૂપી માનવીના મનનો કચરો તત્કાલ પૂરતો સાફ થઈ જાય છે. અને માનવીનું મન પણ નિર્મળ અને પવિત્ર બની જાય છે. સત્સંગ એ ભૌતિક ઈચ્છાને તૃપ્તિનું સાધન નથી. ભગવાનને નજીક જવું હોય આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કરવો હોય તેને માટે જ સત્સંગ છે.

સત્સંગ એટલે સત્પુરુષનો સમાગમ. સંતોએ જંગમ તીર્થ છે. સંતો દ્વારા જીવન સત્સંગના રંગે રંગાઈ જાય છે. જેથી માન છૂટી જાય છે. સ્વાદ મૂકાઈ જાય છે અને ક્રોધ ઓગળી જાય, છે વર્તનમાં આમૂલ પરિવર્તન આવી જાય! સંત સમાગમમાં પોતાનું ડહાપણ મૂકવું પડે. અહીં તર્ક-વિતર્કો ન ચાલે. સંતની વાતોમાં અસીમ શ્રદ્ધા જોઈએ, તો જ સંતની કૃપાદ્રષ્ટિ થાય. મુમુક્ષુએ સંતના વચનોને શ્રદ્ધાથી ઝીલવા જોઈએ, તોજ હૃદય પરિવર્તન થાય. સંતનો ગુણ લેવાથી દોષ ટળી જાય છે. માટે સંતને ઓળખીને સંત સમાગમ કરવાથી અવશ્ય પ્રભુ પદની પ્રાપ્તિ થાય છે.

''બેલેન્સ વગરનો ચેક અને સત્સંગ વગરનું જીવન બંને સરખા.''

# મહારાજની ગમે તેવી માનુષિક લીલામાં સ્ત્રી ભક્તોને દિવ્યભાવ !!

લેખકઃ- રાધાબેન ગોળવિયા, સુરત

સંપ્રદાયમાં શ્રીજી મહારાજના મનુષ્ય ચરિત્રમાં ક્યારેય પણ મનુષ્યભાવ ન જોનાર અને અપાર દિવ્યભાવ ધરાવતા અગણિત સંતો-ભક્તોનો તેમજ વિશેષે કરી સ્ત્રીભક્તોનો સંપ્રદાયિક ઈતિહાસ સાક્ષી પૂરે છે. સંપ્રદાયમાં બહેનોનું યોગદાન અતિ મહત્ત્વનું રહ્યું છે. મહારાજ વખતે અને પછી પણ સ્ત્રીઓએ પારિવારિક અનેક મુશ્કેલીઓ હસ્તે મુખે સહન કરી સત્સંગને અડગ પાળી મહારાજને રાખ્યા છે, મહારાજને રાજી કર્યા છે. તેમના ઘણા દાખલાઓ છે જે અમુક ટૂંકમાં અહીં જઈશું. પુરુષ ભક્તો કરતાં પણ મહારાજની અનેક વિધ કસોટીઓ અને માનુષિક લીલા ચરિત્રોથી સ્ત્રીભકતો ક્યારેય ડગ્યા નથી. જેમ અત્તરનું પૂમડું ગમે તેના કાનમાં લગાવેલું હોય પણ તેની ફોરમ અછતી રહેતી નથી. તેમ સાંખ્યયોગી, કર્મયોગી બાઈઓ નો સંસારની મર્યાદા અને પ્રલોભનો સામે રહી ચડિયાતા ધર્મનું પાલન કરી સત્સંગની સુગંધ ફેલાવી છે જે આપણા શાસ્ત્રોમાં નોંધાયા છે.

મર્યાદાના મજબૂત અંચળા પાછળ કેટલીએ સ્ત્રીભક્તોની મહારાજ દ્વારા આકરી કસોટીઓ થઈ હોવા છતાં શ્રીજી મહારાજ પ્રત્યેની તેમની નિષ્ઠા, દિવ્યભાવ, મહિમા ક્યારે આંચ આવી નથી. તેઓને ભક્તિનો રંગ ચડતો ને ચડતો રહ્યો છે. શ્રીહરિની મનુષ્યલીલામાં પહેલા હતો તેવો જ અખંડ દિવ્યભાવ કાયમ રહ્યો છે જે તેમની ભક્તિસભર સમજણનો આસ્વાદ હતો.

જે આપણે અહીં માણીએ જે માણતા આપણા ગામો રોમાંચિત થયા વગર રહેશે નહીં. મહારાજની કેવી કસોટી, કેવી કસણી છતાં સ્ત્રીભક્તો સારધાર ઉમર્યા જેની ટૂંકમાં અહીં વાત જણાવું છું. જે ચરિત્રોનું સહુને સંપૂર્ણ ખ્યાલ આવી જશે.

★લાડુબા-જીવુબાની વાતઃ- જેઓની વારંવાર પરીક્ષા લીધી. મનુષ્ય ચરિત્રો કરી વારંવાર ઉદાસીનતા ધારણ કરી હૈયા વલોવી નાખ્યાં. ત્યાગી બાઈ હોવા છતાં પોતાના ભાઈ દાદાનો ગરાસ માલિકીનો હક્ક તેમને આપી વહીવટ કરાવી તેના ભાઈનું ગરાસ છીનવી લઈ તેને કામદાર બનાવ્યા. છતાં કયારેય પણ શ્રીજી મહારાજમાં દિવ્યભાવ લેશ માત્ર ઓછો થયો નહીં. જ્યારે દાદાને બહાર કાઢી મૂક્યા પાશેર ગાંઠીયા કે ભાતું પણ ન લેવા દીધું. છતા લાડુબા જીવુબા દાદાને શ્રીજી મહારાજ પ્રત્યેનો ભગવાન પણાનો દિવ્યભાવ પૂર્વે જેવોજ અખંડ રહ્યો.

★પંચાળાના ઝીણાભાઈના બહેન અદિબાની વાતઃ- કરીએ તો મહારાજ એકવાર તેમની સાથે લગ્ન કરવાની વાત કરી. અદિબાએ પસંદગીની મહોર મારી. જયારે ભક્તો આ વાત સાંભળી આશંકામાં અટવાયા. પણ અદીબા સારાં વસ્ત્રો, ઘરેણાં પહેરી મહારાજ સમક્ષ આજ્ઞા અનુસાર હાજર થયા. પછી એવું ચરિત્ર કર્યું વમન લીલા કરી અદિબાને જોઈએ કેવા લાગ્યા તમારામાં અમોને વિષયની ગંધ આવે છે. પછી ઘણુંજ કર્યું. થયું પણ અદિબાએ મહારાજના લેશમાત્ર પણ ખોટો સંકલ્પ પણ ન કર્યો. આવું મહારાજે કેમ કર્યું હશે. પરણવાની વાત કરી પછી અપમાન કર્યું પછી માંદા પડી ગયા. છતાં અદિબાએ શ્રીહરિના આવા લીલા ચરિત્રોને નજર અંદાજ કરી આને કહેવાય સંપૂર્ણ નિર્દોષ સંપૂર્ણ

દિવ્યભાવ.

★વરજાંગ જાળીયાના હીરાભાઈના પત્ની કલુબાઈની નિષ્ઠાઃ- મહારાજ આખા સોરઠ અને ઝાલાવડ કે હાલાર પંથમાં સૌને કહી વળ્યા કે અમારે માંદુ પડવું છે. અમોને રાખો, કોઈએ ન રાખ્યા. જે જાળીયાના હીરાભાઈ અને કાલુભાઈ એ બીડું ઝડપ્યું અને ઉપરથી કહયા તેટલા દિવસ રાખ્યા. બીમારી દરમિયાન કેવા કેવા ચરિત્રો કર્યા છતાં ક્યારેય મનુષ્યભાવ ન આવ્યો નહીં દિવ્યભાવ જ જોયો. એક વખત અડધી રાત્રે જલેબી ખાવા માંગી એક તો મહારાજ બીમાર અને વળી રાત્રિના બાર વાગે બેઉ પતિ-પત્ની બોકાની વાળી રાત્રે બાજુના ગામમાં જઈ ગરમા ગરમ જલેબી લાવી મહારાજને ધરી રાજી કર્યા. પોતે મહારાજને પોતાના ઘરે બીમાર થવાની પરવાનગી આપી. બીમારી ન દેખી શકાય તેમજ તે દરમિયાન મહારાજે અવનવા ઢોંગ-ચરિત્રો કર્યા. તાવમાં ધગધગતા શરીરની પરવા કર્યા વગર જલેબી લાવી જમાડીએ અત્યંત દિવ્ય ભાવ વિના કેમ સંભવી શકે?

★ભુજ નગરના લાધીબાઈની વાતઃ- જેમની કસોટી લેવામાં મહારાજે મણા રાખી ન હતી. વિધવા બાઈ અને ત્યાગી ભાઈ જેને ભરબજારે નીકળી સોળ શણગાર સજી માથે હેલ લઈ પાણી ભરી બજાર વચ્ચે પાછુ આવવું આતે કેવી આજ્ઞા. આજ્ઞાપાલન વખતે ગામના લોકોના બજાર વચ્ચે મેણાં પણ સાંભળ્યા અને પ્રશ્નો ના યોગ્ય ઉત્તર પણ આપ્યા. આપણને એમ થાય કે મહારાજે આવી આજ્ઞા કેમ કરી હશે? પણ તેવું ત્યારે લાધીબાઈને થયું ન હતું. કદાચ આપણને થાય કે કારણ વગર બેઈજ્જતી શા માટે વહોરવી? પણ તેવું લાધીબાઈને ક્યારે પણ થયું નહીં. તે તેનું ભક્ત પણ અને મહારાજના ગમે તેવા લીલા ચરિત્રોમાં તેઓ દિવ્યપણું માનતા હતા.

★વહેલાલના વખતબાની વાતઃ- અમદાવાદ ખોખરા મર્હમેદાવદમાં લોલંગેટ સાથે લડાઈ પછી મહારાજને વખતબાના ભાઈ જેસિંગભાઈ પોતાના ગામ વહેલાલ લઈ ગયા જ્યાં મહારાજ વખતબાને કહે અમોને ઘરમાં સંતાડો અમારી ઘોડીને ઘરમાં સંતાડો. લોલંગેટ અમારી પાછળ આવે છે. અમોને બીક લાગે છે. અને ધ્રૂજવા લાગ્યા. અનંતકોટી બ્રહ્માંડને ધ્રુજાવનાર ને લોલંગેટની શી બીક હોય પણ છતાં મહારાજે આવી માનુષિકલીલા કરી. જે મહારાજ માં દિવ્યભાવ હોવાથી મહારાજની લીલામાં વખતબા ભળી ગયા અને જીવમાત્રનું રક્ષણ કરનારનું રક્ષણ કરવાની તક ઝડપી. અને ઉપરથી બોલ્યા હે મહારાજ તમારી બીકથી અમો બાઈઓ ને શૂરાતન ચડ્યું છે. તમો નિરાંતે ઘરમાં સૂઓ અમો બાઈઓને રણચંડા બની હાથમાં સાંબેલા લઈને ગામની ભાગોળે લાલગેટનો સામનો કરવા અને ભગાડવા જઈએ છીએ. તે વખતે મહારાજનું કયાં લોલંગેટની બીકનું ચરિત્ર અને પછી ૧૮ ઘરે બધા જ ઘેર જઈ મનોભાવ જમાડવાનો પૂર્ણ કર્યો આવી અલૌકિક માનુષ્ય ચરિત્રોમાં વખતબાને બીલકુલ બીજોભાવ ન થયો મહારાજના ચરિત્રોમાં દિવ્યભાવજ દેખાણો.

શાસ્ત્રોમાં આવા અનેક સ્ત્રીભક્તોને ગમે તેવા મહારાજના માનુષિકલીલા ચરિત્રો હોય છતાં. ચરિત્રોમાં આવા સ્ત્રીભક્તોને કાયમને માટે દિવ્યભાવ અખંડજ રહેતો જેની નોંધ શાસ્ત્રોમાં સુવર્ણ અક્ષરે લખાય છે. આવા મહારાજના માનુષિકલીલા ચરિત્રોમાં ક્યારે પણ દિવ્યભાવ વગર ન જોતા સ્ત્રીભક્તો ને મારા કોટી કોટી પ્રણામ હો.

# વાહ! રાજકોટમાં સર માલ્કમ સાહેબની પ્રાર્થના (વિનંતી)

લેખકઃ- રસિકભાઈ ગોળવિયા- સુરત

છપૈયાપુરમાં બાળ ઘનશ્યામ એક વખત ઘરની ઓસરીએ બેસીને રોટલી જમતા હતા. તે વખતે એક વાંદરો અચાનક આવી રોટલી લઈ ઝાડ ઉપર જતો રહ્યો. ઘનશ્યામે ત્રાંસી નજરે તેની સામું જોયેલું તો ત્યાં ઝાડ ઉપર વાંદરાને સમાધિ થઈ ગઈ અને રોટલી હાથમાં તેમને તેમ રહી ગઈ. પછી ઘનશ્યામે ચપટી વગાડી તેની સામે (વાંદરા સામે) સ્મિતથી જોયું વાંદરાને સમાધિ ઉતરી ગઈ. જતો રહ્યો તે. જોતા પિતા ધર્મદેવ તે વખતે પૂછેલું કે હે ઘનશ્યામ તે વાંદરો કોણ હતો. ત્યારે ઘનશ્યામે કહેલું કે તે વાંદરો હવે પ્રસાદી જમી. તેથી તેનો દેહપડી જશે તે વિલાયતમાં જન્મી ભણી ગણી ગુજરાત પ્રદેશમાં આવી રાજ્ય કરશે. ત્યારે અમારો મેળાપ થશે તે હતા રાજકોટમાં મળેલ સર માલકમ અંગ્રેજી અધિકારી સાહેબ

જે સર માલ્કમ અને વિલિયમની રાજકોટ પ્રાંગણમાં ભગવાન સ્વામિનારાયણનો સૂર્ય તપતો હતો તે અરસામાં ઈંગ્લેન્ડ સરકાર તરફથી નિમણૂંક થયેલી જે થોડા સમય પહેલાં વડોદરામાં હતા અને ખેડાનું સંચાલન કરતા ત્યાં ડભાણના યજ્ઞ નિમિત્તે શ્રીહરિને મળેલા હતા. તેઓને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે એવો ગુણ અને જાણકારી હતી કે કાયદાનું અનુસાશનકે દંડ કે દબાણ કર્યા વગર કેવળ વાણી અને સદાચારનો ઉપદેશથી ખૂંખાર ડાકુઓ તોફાની માણસો જે જનતાને ડરાવતા, લૂંટતા, હેરાન કરતા, મારી નાખતા. ભીલો, કોળી, કાઠીઓ, ડફેરો ને ઉપદેશ અને સદાચારી વર્તનથી વશકરી જેના હાથમાં ભાલા, તલવાર, બંદૂકો, તીર કામઠા રહેતા તેઓના હાથમાં શસ્ત્રોની જગ્યાએ શાસ્ત્રો અને માળા રાખતા થઈ ગયા છે. જે રાજ્ય સાશન કરી નથી શકતું, કરવામાં મુશ્કેલી પડે છે તે સહેજે સ્વામિનારાયણ ભગવાને કાર્ય કરી બતાવ્યું છે. તે અંગ્રેજોને ગુણ હતો આથી તેઓ વારંવાર વિનંતી પત્ર લખી ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજકોટ પધારવા અંગ્રેજોએ વિનંતી કરી.

અંગ્રેજોની વિનંતી પત્રને માન્ય રાખી તેને અપાર ભાવ હોય શ્રી હરિ છેલ્લી અવસ્થામાં છેલ્લા દિવસોમાં કસર હોવા છતાં પણ રાજકોટ સ્વયં દર્શન દેવા સંતો હરિભક્તોને લઈને પધારે છે. આવતા રાજકોટમાં સ્વાગત, ઉતારા, જમવા, વગેરેની સગવડ ભક્તોએ કરીજ હતી. છતાં અંગ્રેજોએ પૂછાવેલ ભલે પધારે આપ નારાયણ સ્વામી કાંઈ પણ રસોઈ, સીધા સામાન રહેવા તંબુ અને રક્ષણ કાંઈ પણ જરૂર હોય તો અમોને કહેજો. ભગવાને પ્રતિઉત્તર આપેલો હાલ કાંઈ જરૂર નથી જરૂર હશે તે મંગાવી લઈશું. પછી રાજકોટમાં શ્રીહરિ અંગ્રેજોને કહેવરાવેલ કે તમોને કચેરીમાં મળવું કે ઘરે મળવું, અંગત મળવું કે જાહેરમાં મળવું. ત્યારે અંગ્રેજોએ કહ્યું કે મારું ઘર પાવન થાય માટે ઘરે પધારો કચેરીમાં જરૂર નથી. દર્શનનો સેવાનો ઘરના સર્વેને લાભ મળે. તેથી શ્રીહરિ સંતો ભક્તો ને લઈને સર માલકમના બંગલે પધારેલા.

સર માલ્કમ બંગલાથી નીચે ઉતરી શ્રીહરિને મળી ટોપી ઉતારી નમીને સલામ કરી. પછી શ્રીહરિનો હાથ પકડી પોતાના બંગલામાં લઈ ગયેલ. ચાંદી સોનાથી મઢેલી ખુરશી ઉપર બેસાડી પ્રભુની, આચાર્યોની સંતોની, ભક્તોની આરતી અર્ચના પૂજા ફુલહાર, પહેરામણી, ભેટ કરી અને શ્રીહરિને પૂછા કરી શરીરે સારું છે ને? આવતા કાંઈ તકલીફ તો નથી પડીને? વગેરે સંતો ભક્તોની ઓળખ કરાવી આનંદિત થયા અને ભક્તોને સંતોને કહ્યું (માલ્કમે)તમો બહુ ભાગ્યશાળી છો તમોને નારાયણ સ્વામી સાથે રહેવા મળે છે. પછી હૃદયથી હાથ જોડી પ્રાર્થના કરી કે આપ અહીં પધારી અને દર્શનનો લાભ આપો સેવાનો મોકો આપો તેથી ધનભાગી બન્યો છું. પછી મહારાજે હસ્ત

લિખિત શિક્ષાપત્રી સાર માલકમને ભેટ આપી. પછી સર માલકમ બોલ્યા હે નારાયણ સ્વામી મારા લાયક કામકાજ હોય તો બતાવજો અને આપને મારી પ્રાર્થના છે કે આપ મારા ઉપર અને અમારા દુશ્મન ઉપર પણ રાજી રહેજો. વાહ! કેવી સમજણ પૂર્વકની પ્રાર્થના કે મારુંતો સારું કરજો પણ અમારા દુશ્મનો પણ સારું કરજો. આપણે તો કેવળ આપણા સુખને ઈચ્છીએ છીએ એક અંગ્રેજ અધિકારી ભારત સિવાયના બીજા દેશનો દુશ્મન પ્રત્ય કેવી ભાવના! તેને સારું તો આપણે સારું આપણા ક્યારેય શત્રુમાટે માંગ્યું છે? ના જ્યારે એક પરદેશીએ કેવું માંગ્યું વાહ! અમારા દુશ્મનનું પણ સારું કરજો.

---

# કેવી! આજ્ઞાપાલકતા

લેખકઃ- જોધાણી રમીલા દેવજી, માનકુવા-ભક્તિનગર

ભાયાત્માનંદ સ્વામી જેને મહારાજની આજ્ઞા પાળવાનું સારધાર એટલે સદાય તાન રહેતું. એવું ભાઈનું બિરુદ મળેલું એવા આત્માનંદ સ્વામી વિશે જાણીએ.

પૂર્વાશ્રમનું નામ અભયસિંહ હતું. તેમનો જન્મ રાજસ્થાનના ઉંટવાળા ગામમાં થયો હતો. અભયસિંહ નાનપણથી વૈરાગ્યવાન હતા. તેઓ રાજપાટ છોડી ફરતા-ફરતા ભગવાન મેળવવા નીકળી પડ્યા. ૮ થી ૧૦ વર્ષ થઈ ગયા. તેમને શ્રી હરિનો પ્રથમ મેળાપ જુનાગઢ પ્રદેશમાં મેઘપુર ગામમાં થયો. જન્મો જનમની સાધનાનું ફળ આજે મળી ગયું. તેઓ ૬૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. મોટી ઉંમરે સાધુ થયા એટલે મહારાજે તેમને ભાઈ આત્માનંદ સ્વામીનું બિરુદ આપ્યું. આ ઉંમરે દાંત પડી ગયેલા મહારાજ કહે દાંત પડેલા સારા નહીં. પછી આશીર્વાદ આપ્યા કે તમને નવા દાંત આવશે. પછી નવા દાંત આવ્યા ૧૧૭ વર્ષની ઉંમરે દાંત સલામત રહ્યા.

સ્વામી વિચરણ કરતાં કરતાં એકવાર વટામણની સીમામાં બેઠેલા ખૂબ વરસાદથી ભીંજાઈ ગયેલા. ચારે બાજુ મચ્છર, જીણાં જીવડાંના ટોળાં આવ્યાં. સ્વામીને કરડવા લાગ્યા, સ્વામી ઉડાડે તોપણ ઊડે નહીં. સ્વામીને ખંજવાડતા લોહીના ટશિયા ફૂટવા લાગ્યા. છતાં દુઃખને ગણકાર્યા વગર ત્યાં બેસી ગયા. તે સમયે શ્રીહરિ ત્યાં આવ્યા. મહારાજે પૂછ્યું આ શું થયું છે? છતાં મહારાજને ફરિયાદ ન કરી. મહારાજે તેમની આત્માનિષ્ઠા જોઈ રાજી થઈ ગયા. તમારું નામ આત્માનંદ સ્વામી યથાર્થ છે.

સ્વામીને આજ્ઞાપાલનનું અંગ હતું. એકવાર શ્રીહરિ કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં શેરડીના માદળિયા જમતા હતા. તે સમયે સ્વામી ત્યાં આવ્યા. ત્યારે મહારાજે તેમને માદળિયા જમવા માટે આપ્યા. ત્યારે સ્વામી કહે મહારાજ તમે મેઘપુરમાં હતા ત્યારે સંતોને શેરડી ન ખાવાનું નિયમ આપ્યા હતા. તેથી અમારે ન ખવાય. તમને કેવું આજ્ઞાપાલનનું કેવું તાન? આવી આજ્ઞાપાલકતા જોઈ મહારાજ ખૂબ રાજી થઈ ગયા. તેની પ્રતીતિ ગઢડા અંત્ય ૨૪માં વચનામૃતમાં થાય છે. અને મોટા બ્રહ્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલલંઘન થાય નહીં એવું અંગ.

સ્વામીની આત્મનિષ્ઠા ગજબની હતી. સ્વામીને દેહનો સદાય અનાદર રહેતો. સ્નાન કરે ત્યારે શરીરને ઘસીને સાફ ન કરે. સ્વામી ને વાળ ઘણા તેથી મેલ ભરાય. તેમાં ઝીણા ટોલા પડે. શરીરમાં એક વાર ગુમડું થયું. તેમાં જીવાત પડી પણ સાફ ન કરે. જીવાત નીચે પડે તોય તેને ઉપાડીને ઘા પર મૂકે અને બોલે “શરીર તેરા ખાજા હૈ” શરીરને ખંજવાળે નહીં. દેહના દુકાને ગણકારતા નહીં. આવા આજ્ઞાપાલક હતા. પાછલી ઉંમરમાં બીમાર રહેતા. ભાલ પ્રદેશમાં વાગડમાં રહેતા. ત્યાં પાણી તેમને માફક આવતું. વાગડમાં જ ૧૧૭ વર્ષની ઉંમરે ધામમાં ગયા.

આવી આજ્ઞાપાલકની મૂર્તિ હતા. આપણે મહારાજની કેવી આજ્ઞા પાળીએ છીએ તે આપણે જોવાનું છે.

# "મા-બાપને" વેદના નહીં...... સંવેદના આપો

લેખકઃ-રમણ ગજ્જર, અમદાવાદ

મહાભારતમાં દ્રૌપદીના એક પ્રશ્નના જવાબમાં યુધિષ્ઠિર મહારાજે જણાવ્યું હતું કે, "જે પોતાના સુખ-સગવડ માટે ધર્મનું પાલન કરે છે. તે ધર્મના તત્ત્વને જાણતો નથી. ધર્મનું તત્ત્વ તો તે જાણે છે. કે જે કષ્ટ પડે તો પણ ધર્મનો ત્યાગ કરતો નથી. ધર્મનું મહત્ત્વ છે. સુખ-સગવડનું નહીં. સુખ-સગવડનું મહત્ત્વ તો પશુઓમાં પણ છે! હું સુખ-સુવિધા મેળવવા માટે ધર્મનું પાલન કરતો નથી."

કહેવાનું તાત્પર્ય તો એ છે કે, ધર્મનો ઉપયોગ કરીને સગવડ મેળવવી તે ઉચિત નથી. તેના કરતાં તો તેવી સગવડોથી વંચિત રહીને પણ ધર્મનું પાલન કરવું તેમ ધર્મ આધ્યાત્મ વિજ્ઞાન કહે છે.

ધર્મને ધંધા બનાવનારાઓની તો આજે ચોતરફ હાટડીયો શરુ થઈ ગઈ છે. તે તો આપણે જાણીએ જ છીએ.

આપણે ત્યાં એક સૂત્ર છે કે, "માતૃદેવો ભવ" બીજું સૂત્ર એ પણ છે કે, "પિતૃદેવો ભવ" અર્થાત માતા-પિતા બંને દેવ સમાન છે. તેમની પૂજા કરવાની હોય તેમનું માન-સન્માન જાળવવાનું હોય તેમને મોટી ઉંમરે હડધૂત કરવાના હોય નહીં.

માતા-પિતાની આમન્યા જાળવવી તે આપણો ધર્મ છે. તેના બદલે સગવડ-માલ-મિલકત-ધન મેળવવા ધર્મને બાજુ પર રાખી મા-બાપને હેરાન કરવા-કરાવવા તે તો પાપના પોટલા બાંધવા જેવું છે.

પણ લખતાં બહુ દુઃખ થાય છે કે, આજે નવી પેઢીનાં સંતાનો વાત વાતમાં મા-બાપની આમન્યાના ધજાગરા ઉડાવે છે અને પોતાને વિકસિત-ભણેલા-સમજદાર-જ્ઞાની ગણાવીને મા-બાપના શુભ ઈરાદાઓને જાણ્યા-સમજ્યા વગર તેમના વચનના ચૂરે-ચૂરા કરી નાખે છે. ત્યારે ભૂંકપના ઝટકા જો ન વાગે તો બીજું શું થાય?

સંત પુનિત મહારાજે તેમની એક રચનામાં પ્રથમ પંક્તિમાં જ જણાવ્યું છે કે,

"ભૂલો ભલે બીજું બધું, પણ માં-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ"

પણ આજે ધન-સંપત્તિની રેલમ છેલમાં મોટા થતાં યુવકો-યુવતીઓ મા-બાપની સામે થાય છે કે અને ધરાર પોતાનું ધાર્યું મા-બાપની પાસે કરાવીને તેમના અંતઃકરણને વારવાર દુઃખના ડંખ મારતા જોવા મળે છે. તેવા કિસ્સા આપણી આજુબાજુ જોવા મળે છે. તે જોઈ હૃદય દ્રવિત થઈ જાય છે.

જો આપણે શિખામણના બે-ચાર શબ્દો કહેવા જોઈએ તો આપણને રોકડિયું પરખાવી દે, તમે તમારું સંભાળો અમારામાં માથું મારવાની કોઈ જરૂર નથી.

અને આપણે આપણું મોઢું સીવી લેવું પડે છે. તેમને ખબર નથી કે આ ગુનાની સજા વહેલી કે મોડી ભોગવવી જ પડશે, ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

મહાભારત જણાવે છે કે, "માતા સમાન બીજી કોઈ છાયા નથી, માતા તુલ્ય કોઈ રક્ષક નથી તથા માતા સમાન બીજું કોઈ પ્રિય વસ્તુ નથી". આવી માતાને ચોધાર આંસુએ રડાવનારા સંતાનો આ ગુનાની સજામાંથી ક્યારેય બચી શકે જ નહીં.

એ પણ ભવિષયમાં કોઈક સંતાનોના માતા-પિતા બનવાના જ છે. ત્યારે એમની સાથે એમના સંતાનો કેવા વ્યવહાર કરશે? તે તો સમય જ કહેશે.

મા-બાપ તો વિશ્વની સૌથી મોટી વિદ્યાપીઠ છે. તેનું મહત્ત્વ સમજ્યા વગર નહીં જ ચાલે. સ્વામી રામતીર્થે તે લખ્યું છે કે, બીમાર પડતા કોઈ પણ માણસ સૌથી પહેલો શબ્દ એને વારંવાર જે શબ્દ બોલે છે તે "માં" છે. આ છે માં નું મહત્ત્વ છે.

સંસ્કારી સંતાનોની એ પવિત્ર ફરજ બને છે કે, માબાપના સુખને ખાતર પણ પોતાની જીદ-હઠ ને બાજુ પર રાખીને તેમની "હા" માં "હા" અને તેમની "ના"

માં ''ના'' રાખવી જ જોઈએ. સુખી સમૃદ્ધ થવાની આ માસ્ટર કી છે. તો જ મા-બાપ પાંચ-દસ વર્ષ વધારે જીવશે અને તેમની સેવા ચાકરી કરવાની વધારે તક સંતાનોને મળશે.

એક સંતે જણાવ્યું છે કે, ''તારું સ્વર્ગ તારી માતાના ચરણોની નીચે છે'' તે સ્વર્ગનું સુખ માણવા સંતાનોએ મા-બાપનો પડ્યો બોલ ઝીલવો જોઈએ પણ તેનાથી ઊલટું વર્તન તો ન જ કરાય.

મા-બાપ વડીલોના આશીર્વાદ તો મોટી મૂડી છે. તેને સાચવતાં શીખવું જોઈએ તેમાં ઉત્તરોત્તર વધારો થાય તેવા પ્રયાસો સંતાનોએ કરવા જોઈએ તે માટે ઈશ્વર! સૌ સંતાનોને દિવ્ય બળ બુદ્ધિ શક્તિ અને ભક્તિ પ્રદાન કરજો તેવી પ્રાર્થના.

# કંડોરડે ચોર્યાસી કરી

- ધરમશી દેવશી ભગત, ત્રીવેન્દ્રમ

શ્રી હરિ કંડોરડા ગામની બહાર જ્યાં ઘણા આંબલીઓના ઝાડ હતાં ત્યાં ઉતારો કર્યો. શ્રી હરિએ જગ્યા અને આંબલીઓના ઝાડના વખાણ કર્યા. બહુ સારી જગ્યા છે. અહીં જો કોઈ ચોર્યાસી કરાવે તો આ વખાણ લેખે લાગે. ચોર્યાસી એટલે બધી જ્ઞાતિઓના બ્રાહ્મણોને જમાડવા. શ્રી હરિ કહે તમારો મનોરથ હોય તો આજે જ તમે બધાને નોતરાં આપી આવો હાલે બ્રહ્મભોજન કરાવી દઈએ. બ્રાહ્મણ હસ્યા એક દિમાં સામગ્રી ભેગી ના થાય, રસોઈ કરવા ચૂલા, બળતણ કેમ લાવશો. ઉતાવળે ચોર્યાસી ના થાય ફજેતી થઈ જશે. શ્રીહરિ કહે સ્વામિનારાયણ ચોર્યાસી કરાવે છે તેમ કહીને નોતરાં આપી આવો. બીજું કામ અમારા ઉપર છોડી દો. વિપ્ર નોતરાં દેવા રવાના થયા અને શ્રી હરિ બારોટને કહ્યું સિધાંની તપાસ કરો. બારોટ કહે પટેલને ઘરે સીધું તૈયાર પડ્યું છે. જામનગરના રાજાની સવારી આવવાની હતી પણ સવારી આવી નહી એટલે સીધું પડ્યું રહ્યું.પટેલના ઘરે જઈએ સામગ્રી વેચાતી લઈલો. પટલાણી હતાં સીધું આપી દીધું.ઘી ગોળને અનાજ ગાડામાં ભરી લઈ આવ્યા. ખૂબ સારી રીતે બ્રહ્મભોજન પતી ગયું. વધેલો માલ પટલાણીને પાછો આપ્યો વજન કરતા એટલો થયો જેટલો લઈ ગયા હતા. બારોટ ને આજ્ઞા કરી તમારી પાસેથી કોરીઓ લઈ માલના પૈસા ચૂકવી દો. પૈસા દેવા ગયા તો પટલાણી એ લેવાની ના પાડી સામાન વાપર્યો જ નથી તો પૈસા શેના લઉ. બહુ રકઝક કરી એટલે પ્રસાદી ખાતર પાંચ કોરી લીધી. અને કહ્યું શ્રી હરિને કહેજો મને અંત સમયે તેડવા જરૂર આવે. હવે આ પટલાણીનો વિચાર કરો તેણે કર્યો તે વેપાર નથી ભવપાર છે વેપાર કર્યો હોત તો વેંચેલો માલ પાછો ન રાખે પહેલેથી ભાવતાલ કરત. ૨૦૦૦ નો માલ ૩૦૦૦માં વેંચત. માંગનારને પૂર્ણ પુરુષોત્તમ જાણી જરાય સંકોચ વિના ના ન પાડી તો અલભ્ય લાભ મેળવ્યો. માલ જરાય ઓછો ન થયો ઉપરથી દામ અને અંતે અક્ષરધામ માંગી લીધું.


## વિદેશથી દાન ભેટ મોકલવા માટે

Trust name : Shree Swaminarayan Dwishatabdi Medical and Charitable Trust
FCRA Saving A/c No.: 40072999746 • Branch Code: 00691
IFS Code: SBIN0000691 • SWIFT Code: SBININBB104
Branch Address: FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch, 11, Sansad Marg, New Delhi-110001
Branch email id: fcra.00691@sbi.co.in • Mandir email id: kothar@swaminarayan.faith
Whats App No.: +91 75676 07000

# વલીભાઈનો કાંટો

લેખકઃ- કીર્તિ પી. ધોળકીયા, ભાવનગર

લોકમાં એવો રિવાજ હોય કે, ભગવું ભાળીને ભૂરાયા થવું. બહુધા લોકો આ માન્યતામાં રાચતા હોય છે અને તે પ્રમાણે ભગવાં વસ્ત્ર એટલે બધા સરખાં એમ માનતા હોય છે. વળી જટાવાળા, લાંબી દાઢીવાળા અને ચલમમાં બે-બે ફૂટના ભડકા કરતા હોય તે મોટા. તેવું પણ માનતા હોય છે. અને તેના ચરણે શિશ નમાવી ધન્યતા અનુભવતા હોય છે. તો સામા પક્ષે પણ એવા જ હોયઃ 'બાપુ! બે અડાળી ચા મૂકજો!'તો બાપુ ભક્તો માટે ચા, પાન, તમાકુ, ચલમ, ગાંજાની વ્યવસ્થા પણ કરી દેતા હોય છે. લોકને તેમાં અજગતું પણ લાગતું હોતું નથી. મોટા ભાગના માણસોને ક્યાં પગે લાગવું? ક્યાં મન સોંપવું? ક્યાં ધન સોંપવું? તેની ગમ હોતી નથી. અને એવા લેભાગુઓ આવા કહેવાતા ભક્તોનો પૂરેપૂરો લાભ પણ લેતા હોય છે. કહોકે ધન અને સ્ત્રી બાબતે પાંગળા પુરવાર થતા હોય છે.

જુનાગઢ ની વાત છે

સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામી જ્યારે જૂનાગઢમાં હતા ત્યારે નાગર ગૃહસ્થ ગુણ ભાવ વાળા હતા. તે રોજ સ્વામી પાસે આવે. સેવાનું પૂછે. અને સમય હોય તો બે-પાંચ મિનિટ કથાવાર્તાનો પણ લાભ લે. સ્વામીને બહુ મોટા માને. તેને સ્વામીમાં સ્વાભાવિક હેત. સ્વામી પણ તેને મોટો માણસ જાણી તેને હેત બતાવે.

એકવાર આ નાગર ગૃહસ્થને ચારધામ યાત્રામાં જવાનું થયું. એટલે સ્વામી પાસે આવ્યા અને પૂછ્યું કે, સ્વામી! યાત્રાએ જાઉં છું તો કાંઈક લાવવું હોય તો તમારા માટે લેતો આવું! સ્વામી કહે, 'અમારે કોઈ વસ્તુની જરૂર ન પડે. ઓછામાં ચલાવી શકે તે સંત કહેવાય. અમારે કાંઈ જોઈતું નથી'. છતાં પેલાએ આગ્રહ ચાલુ રાખ્યો એટલે સ્વામી કહે, 'ઠીક ત્યારે, જાઓ છો તો તીર્થમાંથી સ્ત્રી અને ધનના સાચા ત્યાગી સંત હોય તો બે સાધુ ને તેડતા આવજો'. ત્યારે પેલા નાગર કહે, 'અરે સ્વામી? હું તો તીર્થમાં જ જાઉં છું ત્યાં તો આવા હજાર સંતો હોય તમે કહો તેટલાને લેતો આવું! ત્યારે સ્વામી કહે, 'બે ને જ લાવજો ને'! 'ભલે સ્વામી'

ગૃહસ્થ નાગર તીર્થોમાં ફરે. દર્શન કરે. ભેગા સ્વામીએ કહેલા સંપેતરાની પણ તપાસ કરે. પણ કાંઈ મેળ પડે નહીં. ત્યાગી હોય પણ 'રામકી' ની તપાસમાં હોય. 'રામકી' ભેગી હોય ત્યાં ત્યાગ તો ક્યાંથી હોય? ધન અને સ્ત્રીની લાલસાવાળા જ બધા મળ્યા. સ્ત્રી અને ધનની ઈચ્છા વગરના એક પણ સાધુ ન મળ્યો. નાગર ગૃહસ્થોને થયું કે, મારી ધારણા ખોટી પડી. અહીં તો ધન સ્ત્રીમાં ફસાયેલા ભગવા વેશધારીઓની જ જમાત પડી છે. આ તો બેમાંથી એ કેય મૂકી શકે તેવા નથી. તો? આવા સંત અહીં ક્યાંય ન જોયા. હા! આવા સંત તો જૂનાગઢ મંદિરમાં છે. સ્ત્રી અને ધનના ત્યાગી. મોહમાયા વગરના, નિઃસ્વાદી, નિર્માની, નિષ્કામી, નિર્લોભી. નિઃસ્નેહી વર્તમાન ધરાવનાર એકાંતિક ભક્તો તો સત્સંગમાં છે. બીજે ક્યાંય નથી.

આખરે ૬ મહિને નાગર ગૃહસ્થ સ્વામી પાસે આવીને ઢગલો થઈને સ્વામીના ચરણમાં પડી ગયોઃ 'અરે! સ્વામી! હું તો મોટી આશાએ તીર્થોમાં તમારું સંપેતરું લેવા નીકળ્યો. પણ એવા સાધુ તો મેં ક્યાંય ન ભાળ્યા. મને મંદમતિને આ સામે દેખાય છે તે કેમ યાદ ન આવ્યા! સ્વામી! તમે જેવા કહો છો તેવા સંતો આ સ્વામિનારાયણના સંતો છો. બાપજી! તમે બધા એવા સંત છો. મારે હવે તો અઠે દ્વારકા. હવે બીજે ક્યાંય જવું નથી. અહીં જ બધું છે. તમે કહો છો તેવા સંતો તો અહીં જ છે.

જીવનું કલ્યાણ કરે. લખચોર્યાસીમાંથી અને જન્મમરણની જાળમાંથી છોડાવે તેવા સાધુ તો સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ છે. નહીં તો યાત્રાએ જતાં ઉતારા સારા મળે, ભોજન વ્યવસ્થા સારી હોય તો ત્યાં કલ્યાણ એમ સૌ માને. એટલે જ સંતો આપણને વારે વારે ટોકીને કહેતા હોય કે, વલીભાઈના કાંટા જેવું ન રાખવું.

જૂના સમયમાં

ગામડા ગામમાં વજનકાંટા આવ્યા ન હતા. ગામના કોઈ વેપારી વર્ગ જેવા માણસ શાક બકાલું વેંચતા હોય. પાસે જોખવાનું કાંઈ સાધન ન હોય. લાકડાની

દાંડીના બંને છેડા ગાંઠોવાળી દોરડી ટીંગાડીને વજન કાંટો બનાવ્યો હોય. શેર, પાશેર, અડધોશેરના લીસા પાણાં તોલ માટે રાખ્યા હોય. તેનાથી શાક જોખીને વ્યવહાર ચલાવતા હોય. તે બધું તો રોડવવા પૂરતું હોય. તેનું માપ આડેધડ હોય. ચોક્કસ ન હોય. આ તોલ કાંટા શાક બકાલું જોખવા માટે કામ આવે! તેનાથી સોનું થોડું જોખાય? અને જે જોખે તે મૂરખ કહેવાય.

અત્યારે પરિસ્થિતિ આવી જ થતી જાય છે. આપણા ભક્તો મંદિરે જતા હોય ત્યાં ઉતારા અને ભોજન પાણી સારા હોય તો તેવા સાધુ સારા. તે મંદિર સારું. અહીં જ કલ્યાણ છે તેમ માને. જુના સંતો તો મંદિરમાં કોઈ ભક્ત આવે ત્યારે ગળામાં હાથ નાખી પૂછતાઃ 'કંઠી પહેરી છે ને? આ લોઢી કપાળ કાં રાખ્યું? તિલક ચાંદલો કેમ નથી કર્યો ?મંદિરે કેમ નથી આવતા? એમ કડાકાઈથી પૂછતા. તેથી ભક્તો સાવધાન થઈને નિયમ બદ્ધ રહેતા.

કચ્છ પ્રદેશના ગૃહસ્થ બહેનો પણ સાંજે છોકરા વાળુ કરવા બેસે ત્યારે પૂછેઃ 'મંદિરે ગયો તો? કેવા વાઘા ધરાવ્યા હતા? માથે પાઘ હતી કે મુગુટ?'

જો છોકરો બોલવામાં ભૂલ કરે કે ખોટું બોલે તો એ ''મદાલસા'' છોકરાને ફરીવાર મંદિરે મોકલી પાકું કરાવે. બાળક સાચો જવાબ આપે પછી જ દૂધે, વાળુ કરવા દેતા. કચ્છની આવી ભવ્ય પરંપરા આજે પણ ચાલુ છે.

એટલે જ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં લખ્યું છે,

''જેને મળવે માન્યું કલ્યાણ રે,
તેને, જોવા ઘડી ઘડી રે'' !

જેને આપણું જીવન સોંપવાનું છે તેવા સંતોના જીવન તપાસી પછી તેને મન સોંપવું. પછી તેની અનુવૃત્તિમાં રહેવું. આપણે તો બધા સરખા! એમ ન માનવું. સંતોના વાણી-વર્તન તપાસ પછી તેને ગુરુ કરવા. પણ વલીભાઈના કાંટા જેવી આપણી માન્યતાઓમાં ભંગેરી, ગંજેરી, દાઢાળી, જટાળી જમાતની સાથે આપણા સંતોની સરખામણી ન કરવી તો આપણને કલ્યાણ નો મુદ્દો હાથ લાગ્યો જણાશે. અને તો જ શ્રીજી મહારાજનો અક્ષરધામથી અહીં આવવાનો દાખડો સફળ ગણાશે અને તો જ આ નિષ્કામી સંતોના તપ, ત્યાગ, વૈરાગ્યનો દાખડો સફળ ગણાશે.

---

# ધોરાજીમાં ધર્મ કુમાર

રામાનંદ સ્વામી શ્રી હરિની સાથે ધોરાજીમાં પધારેલા. ધોરાજીના મહારાજા હઠીભાઈ ગોંડલના રાજાના ભાયાત થાય. તેણે શ્રી હરિનું ખૂબજ ભાવથી સન્માન કર્યું. અહીં ઘણા મતવાદીઓ આવ્યા જેને શ્રી હરિએ વાદમાં હરાવેલા. સ્વામી શ્રી હરિ સાથે નદીએ નાહવા ગયા ત્યાં બે કબીરપંથી બાવા હાથમાં છરા લઈને શ્રી હરિને મારવા આવ્યા. શ્રી હરિએ એવું વિશાળ રૂપ દેખાડ્યું કે બંને થરથર ધ્રૂજવા લાગ્યા. હાથમાંથી છરા પડી ગયા. સ્વામી આ બીના બની જાણી ખૂબ નારાજ થયા. આતો ઘણું ખોટું થયું કહેવાય. સ્વામી કબીરના મઠે જઈને કહ્યું તમોએ આમ કર્યું તે ખોટું કર્યું છે. તમે શ્રી હરિને ઓળખતા નથી તે કેવા સમર્થ છે તે જાણી લીધું હશે અને વધારે આગળ ઉપર જણાઈ આવશે. તમે એક સાધુ થઈને બીજા સાધુ ને મારવા તૈયાર થયા આમાં તમારો ધર્મ કયાં રહ્યો. શ્રી હરિ ભલે સાધુરૂપે રહ્યા પણ ઘોડેસવાર થઈ એવી ઘુમરી લેશે કે જોઈને તમારા તો છક્કા છૂટી જશે. શ્રી હરિ ગાદીએ બિરાજ્યા પછી એક સમયે ગઢપુરથી કેટલાક ઘોડેસવારો સાથે લઈ ધોરાજી આવ્યા. જાણે રામાનંદ સ્વામીની વાણી સત્ય કરવાજ આવ્યા. કબીરના સ્થાનકે જઈ કહ્યું આવી જાવ આમને સામને વાદ વિવાદ કરવો હોય તોય ભલે. અમે તૈયાર છીએ. હથિયારધારી ઘોડેસવારોને જોઈ બાવાઓ મૂંગા રહ્યાને શ્રી હરિ પાછા વળી ગયા.

# રત્ના ભગત, અહીં કેરા આવતા રહો

ભિષ્મ પિતામહને 'ઈચ્છા મૃત્યુ' વરદાન સ્વરૂપે પ્રાપ્ત થયેલું, શ્રીહરિના આશ્રિતોને આવા વરદાનની જરૂર પડી નથી. તેઓ તો બસ મહારાજની કૃપાથી સ્વેચ્છાએ દેહ ત્યજી શકે છે. શ્રીહરિ પોતે પણ તેડવા આવવા વિશેની આગાહી કરી દે છે. પોતાની ઈચ્છાથી ધામમાં જનારા ભક્તોની યાદી તો મોટી બને. આવા ભક્તોમાં એક હતા કચ્છના કેરા ગામમાં સદાબા, જે શ્રીજીમહારાજનાં અનન્ય આશ્રિત હતાં. તેઓ શ્રીહરિના પરમ એકાંતિક સ્ત્રીભક્તોમાંના એક હતાં.

સદાબાના પતિ રાયબજી કચ્છના કેરા ગામના દરબાર હોવાથી સદાબાનો રાજપરિવાર હતો. રાજવી સુખ સગવડતાઓ ક્યારેય પણ તેમના સત્સંગ સંબંધી ધર્મ નિયમના પાલનમાં નડતરરૂપ ન બનતી. પોતે ચુસ્તપણે, યથાર્થ રીતે સત્સંગના નિયમોને જ અનુસરતાં. હંમેશા ભગવાન અને ભગવાનના ભક્તોનો પક્ષ રાખતાં, નિયમ, નિશ્ચય અને પક્ષમાં અતિ બળિયા હોવાથી મહારાજની કૃપા દૃષ્ટિને પામી શક્યા હતાં અને સમાધિ સિદ્ધ હતાં.

કચ્છના કેરા ગામથી બળદિયા ગામ નજીક હતું. બળદિયામાં રત્ના ભગત નામે સત્સંગી રહેતા. તેમના કુસંગી કુટુંબીઓએ તેમને સત્સંગ છોડાવવા માટે પરેશાન કરવામાં કાંઈ બાકી ન રાખ્યું. રત્ના ભગત પોતાના સત્સંગ ધર્મમાં અવિચળ રહ્યા એટલે સુધી કે વિરોધીઓએ રાજમાં ફરિયાદ કરી અને આકરો દંડ ભરાવડાવ્યો, પરંતુ શાંતિ ન થઈ.

આ બાબતની સદાબાને જાણ થતા તેમણે રત્ના ભગતને પક્ષે રહીને તેમને કેરા બોલાવ્યા. તેમની દુઃખની વિગત જાણી અને તેમનામાં નિર્માની પણું તથા સત્સંગ પ્રત્યેની નિષ્ઠા જાણી. તેમણે ભગતને શ્રીજીમહારાજની શિક્ષાપત્રીની આજ્ઞાની યાદ અપાવતા, બળદિયા છોડી દેવાનું કહ્યું. (શિ. શ્લોક ૧૫૩)

રત્ના ભગતે કહ્યું, ''સદાબા, તમારી સલાહ સાવ સાચી છે. મહારાજની આજ્ઞા પ્રમાણે મારે બળદિયા છોડી દેવું જોઈએ, પરંતુ મને સત્સંગીને તેમજ સાધારણ જીવન જીવતા માણસને આશરો કોણ દે ?''

સદાબા બોલ્યા, ''રત્ના ભગત, અહીં કેરા આવતા રહો. તમને જોઈતી એવી તમામ સગવડ તો અહીં પૂરી પાડવામાં આવશે.'' રત્ના ભગતે સદાબાની આ સલાહ અને સાંત્વના સ્વીકારી લીધા અને બળદિયાથી સદાયને માટે સદાબાના કેરા ગામે આવી ગયા. સદાબાએ રત્ના ભગતને મકાન તથા અન્ય સગવડતાઓ પૂરી પાડી.

સદાબાનું જીવન સાદું, સરળ, સાત્વિક અને સંયમિત હતું. સત્સંગી તેમજ બિનસત્સંગી ગરીબ બાઈઓને હંમેશા મદદ કરતાં બહેનોને ભેગા કરીને મહારાજના મહિમાની વાતો કરતાં. સત્સંગીના ધર્મ નિયમના પાલનની વાતો કરીને પ્રોત્સાહિત કરતાં. સૌને સદાચારના સરળ માર્ગે વાળવામાં પ્રયત્નશીલ રહેતાં. દરબારગઢમાં એક એકાંતમય જુદા ઓરડામાં માત્ર ભજન અને સત્સંગમાં રચ્યા પચ્યા રહેતાં. વૃદ્ધાવસ્થામાં આંખોનો પ્રકાશ ચાલ્યો ગયો તો પણ પોતાની સર્વે દૈહિક ક્રિયાઓ પોતાની જાતે જ કરી લેતાં. પૂજા, ધ્યાન વગેરેમાં ક્યારેય ચૂક ન કરતાં.

ધામમાં જતા પહેલા જીવનના છેલ્લા એકત્રીસ દિવસ આંખો બંધ કરીને વૃત્તિઓને સંકેલીને અંતર્મુખી બની ગયેલાં અને ગાઢ નિંદ્રામાં સરી ગયેલાં. બરાબર બત્રીસમાં દિવસે જાગ્રત સ્થિતિમાં આવ્યાં. તરત જ પોતાના પરિવારના તમામ સભ્યો તથા સત્સંગી બહેનોને બોલાવ્યાં અને કહ્યું, ''સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરો. થોડીવાર પછી સદાબાએ ગાયના છાણથી જમીનને પવિત્ર કરાવી. ત્યારબાદ કહ્યું, ''હવે મને સ્નાન કરાવીને આ લીંપેલી જમીન પર બેસાડી દ્યો.'' સદાબાની ઈચ્છાનુસાર સદાબાને બેસાડવામાં આવ્યાં. સદાબાએ ફરીથી ધૂન શરૂ કરાવી. ધૂન કરતાં કરતાં સદાબાનો ચહેરો ફૂલની માફક ખીલી ઉઠ્યો. તેઓ બોલી ઉઠ્યા, ''શ્રીજીમહારાજ, લાડુબા સહિત મુક્તો મને તેડવા આવ્યા છે. સૌને '' જય સ્વામિનારાયણ ''. આમ કહીને સદાબા આંખ મીંચીને અક્ષરધામમાં પધાર્યા.''

હાજર રહેલા તમામને ખાતરી થઈ ગઈ કે જે ભક્તો નિર્દોષ થઈને ભક્તિ-ભજનમાં જ રંગાયેલા રહે છે. ભક્તનો પક્ષ રાખે છે. તેમને મહારાજ સામે થી તેમના બોલવા પ્રમાણે અક્ષરધામમાં લઈ જવા માટે પોતાના મુક્તો સહિત પધારે છે.

હે મહારાજ ! અમને પણ સદાબા જેવું શાંત, નિર્મળ જીવન જીવવાનું બળ આપજો.

# સત્સંગ સમાચાર દેશ

## ભુજ મંદિરે રથયાત્રા ઉત્સવ

અષાઢી બીજ તા. ૧૨-૦૭-૨૦૨૧ સોમવારે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા અને પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદન દાસજીના આશીર્વાદથી આપણા ભુજ મંદિરના પરંપરાગત રીતે રથયાત્રાનો ઉત્સવ ઉજવાયો.



સામાન્ય રીતે ભક્તો ભગવાનનાં દર્શન કરવા મંદિરે જતા હોય છે પરંતુ આ દિવસની વિશેષતા એ છે કે પોતાની બહેન સુભદ્રા અને મોટાભાઈ બળદેવજીને સાથે લઈને રથમાં સવાર થઈ નગરના માર્ગો ઉપર નીકળીને ભક્તોને દર્શન આપી કૃતકૃત્ય કરી દે છે. આજના કોરોના કાળમાં ભુજ મંદિર દ્વારા નગરના રાજમાર્ગો પર ન જતાં મંદિરના વિશાળ પરિસરમાં જ રથયાત્રાનું ભવ્ય આયોજન કરાયું હતું

રથયાત્રાનો મંગલ પ્રારંભ પૂજ્ય મહંત સ્વામી દ્વારા કરવામાં આવેલ. તેમની સાથે સંતો, પાર્ષદો, ટ્રસ્ટીઓ, રાજકીય મહાનુભાવો, પદાધિકારીઓ અને હરિભક્તો જોડાયા હતા. ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી આદિ સંતોની ઉપસ્થિતિથી ભક્તિમય વાતાવરણ નિર્માયું હતું. સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ભાજપના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ, નગરપતિ શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા. તો ભુજના ધારાસભ્ય ડો. નીમાબહેન આચાર્ય અને જિલ્લા અધ્યક્ષ બહેનોના વિભાગમાં સાથે જોડાયા હતા.

મંદિર પરિસરમાં રથયાત્રાના પાંચ રાઉન્ડ યોજાયા હતા. હૈયામાં હોશ અને ઉરમાં ઉમંગ સાથે રથ ખેંચવામાં સંતો, પદાધિકારીઓ, મંદિરના ટ્રસ્ટીઓ અને હરિભક્તો જોડાયા હતા. એક રાઉન્ડ મહિલાઓ દ્વારા રથ ખેંચીને લગાવાયો હતો. મહિલાઓના વિભાગમાં પણ આનંદ અને ઉલ્લાસ જણાતો હતો.

ભુજ મંદિરના હરિભક્ત કોઠારી શ્રી મુરજીભાઈ, ઉપકોઠારી જાદવજીભાઈ, પૂર્વ કોઠારી રામજીભાઈ ઉપરાંત સમગ્ર ટ્રસ્ટી મંડળના માનવંતા સભ્યો હાજર રહ્યા હતા.

વ્યવસ્થા માટે આવેલ પોલીસમેન તથા મહિલા પોલીસે પણ રથના રસા ખેંચીને ભક્તિ પ્રદર્શિત કરી હતી.

રથ યાત્રા પૂર્ણ થતાં સભાનું આયોજન કરાયું હતું. પૂજ્ય મહંત સ્વામીએ આશીર્વચનમાં જણાવેલ કે શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવનો પ્રારંભ ભજન કીર્તનથી મંગલમય રીતે કરીએ છીએ. સંપ્રદાયમાં પત્રવ્યવહારની શરુઆત જે ૩ અલભ્ય પત્રોથી થઈ તે પત્રોનું મુદ્રણ કરી 'પત્રત્રયમ્' પ્રકાશિત કરાયું. તેનો વિમોચન વિધિ મહંત સ્વામીના વરદ્ હસ્તે કરાયો. દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રકાશિત થયેલ આ પુસ્તિકા ૨૦૦ વાર વાંચવાનો અનુરોધ તેમણે કરેલો. ઉપરાંત દર સુદ પાંચમના રોજ ગામે ગામ પ્રભાતફેરી કાઢી ઉત્સવને ઉજળો કરવા જણાવેલું.

સ્વામી અક્ષરપ્રકાશદાસજી એ 'પત્રત્રયમ્' ના

પત્રોની વિગતો આપી તેનો મહિમા અને મહત્ત્વ સમજાવેલ.

આજના આ અવસરના યજમાન ગામ ભચાઉ નવાગામ હાલે મુંબઈ ના પ.ભ.દેવજી ધનજી નીશર, લીલાવતીબેન દેવજી નીશર, નવીન દેવજી નીશર, રંજન નવીન નીશર, પ્રિતિ નવિન નિશર, ગોલુ નવીન નીશર, પ્રફુલ દેવજી નીશર , કંચન દેવેન્દ્ર નીશર, વિરતી દેવેન્દ્ર નીશર સપરિવાર રહ્યા હતા. મહંત સ્વામી દ્વારા ફુલહાર અને પ્રતીક ભેટ અર્પણ કરી ઉચિત સન્માન કરાયું હતું.

સમગ્ર વ્યવસ્થા રથયાત્રા સમિતિનાં સંતો અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ જવાબદારી પૂર્વક સંભાળી હતી.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુનિયોજિત સંચાલન સ્વામી કપિલમુનિદાસજીએ સચોટ અને સરળ રીતે સંભાળ્યું હતું.

## આંનદોત્સવો પ્રસાદી મંદિર - ભુજ
## ચાંદીના દ્વાર ઉદ્ઘાટન

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર-ભુજ મધ્યે અષાઢી બીજ તા. ૧૨-૦૭-૨૦૨૧ ના પવિત્ર દિવસે મંદિરમાં બિરાજમાન શ્રી રાધા-કૃષ્ણદેવના ચાંદીના દ્વારનું ઉદ્ઘાટન અતિઆનંદ અને ઉલ્લાસના વાતાવરણ વચ્ચે પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ચાંદીના દ્વારના યજમાન ગામ કેરાના પ.ભ. ધનજીભાઈ કુંવરજીભાઇ વાગડિયા, ધ.પ.શાન્તાબેન, સુપુત્ર ઉમેશભાઈ, સુપુત્રી પ્રીતિકાબેન ધર્મેન્દ્રભાઈ વાઘજીઆણી રહ્યા હતા.

ઉદ્ઘાટન અવસરે મહંત સ્વામી ઉપરાંત પ્રસાદી મંદિરના મહંત સ્વામી કેશવજીવનદાસજી, સ.ગુ.સ્વામી સનાતનદાસજી, સ.ગુ.સ્વામી માધવપ્રસાદદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. કચ્છના સમસ્ત સાંખ્યયોગી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## મોસંબી ઉત્સવ

દેવશયની એકાદશી તા. ૨૦-૦૭-૨૦૨૧ સુદ.૧૧ રોજ ભવ્ય મોસંબી ઉત્સવની ઉજવણી ભક્તિમય વાતાવરણમાં હૈયામાં હોંશ અને ઉરમાં ઉમંગભેર હર્ષોલ્લાસથી કરવામાં આવી.

આ ઉત્સવમાં શ્રી ઠાકોરજી સમક્ષ કલાત્મક રીતે મોસંબી ધરાવવામાં આવી હતી. આ ઉત્સવમાં ૧૮૦૦ (એક હજાર આઠસો) કિલો મોસંબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિવિધતાભર્યા આ ઉત્સવે હરિભક્તો અને સંતો દર્શનનો લાભ લઈ પ્રસન્ન થયાં હતાં.

આ ઉત્સવના યજમાન પદે ગામ નારણપર (ઉપલોવાસના)ના સાંખ્યયોગી મહંત દેવબાઈ, સાં.યો. પુરબાઈ, સાં.યો. કાન્તાબાઈ રહ્યા હતા.

ઉત્સવ બાદ ગરીબ, અનાથ, વિકલાંગ, વડીલો, વૃદ્ધો, વિધવા બહેનો આદિને પ્રસાદ વિતરણ કરાયું હતું. આપણા દેશના વીર જવાનો દેશના રક્ષક સૈનિકોને પ્રસાદ આપવામાં આવેલ.

આ બંને ઉત્સવની વ્યવસ્થા પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી સત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવી હતી. યુવકો યુવતીઓ અને હરિભક્તોનો સહયોગ સાંપડ્યો હતો.

## જનમંગલ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર, ભુજ મધ્યે તા. ૦૮-૦૭-૨૦૨૧ થી ૧૨-૦૭-૨૦૨૧ સુધી જનમંગલ જ્ઞાનયજ્ઞ મહોત્સવ દબદબાભેર ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ મહોત્સવના યજમાન પદે ગામ સુખપરના અ.નિ. દેવશીભાઈ વેલજીભાઈ વાઘાણીની પુણ્યસ્મૃતિમાં ધ.પ. ગં.સ્વ.રતનબેન, સુપુત્ર ધનજીભાઈ, જગદીશભાઈ સપરિવાર રહ્યા હતા.

કથાના પ્રથમ દિવસે ઠાકોરજીના દિવ્ય સાંનિધ્યેથી પૂર્ણ ભક્તિભાવ સાથે પોથીયાત્રા નીકળી હતી અને કથા સ્થાને સત્શાસ્ત્ર યથાસ્થાને પધરાવવામાં આવેલ. કથા પ્રારંભ સાથે જ સર્વત્ર આનંદ છવાઈ ગયો. સાંજે ૫.૦૦ વાગ્યે જન્મોત્સવની ઉજવણી સમયે હરિભક્તો હર્ષઘેલા બન્યા અને ત્યારબાદ તુલસી પત્રોથી પૂજન કરવામાં આવેલ. પ્રારંભ, પૂજન, અર્ચન, આરતી સમયે મોટી સંખ્યામાં સંતો, હરિભક્તો, સાંખ્યયોગી બહેનોની ઉપસ્થિતિ હતી.

બીજા દિવસે અક્ષતથી અને ત્રીજા દિવસે સુગંધિત પુષ્પોથી પૂજન કરવામાં આવેલ જ્યારે ચોથા દિવસે રૂ. ૨૦૦૦૦૦ની કિંમતના બે કિલો ચાંદીના ચોખાથી પૂજન કરવામાં આવેલ. પાંચમા દિવસે સવારે ઠાકોરજીના અભિષેક-આરતીના દર્શન કરી સૌએ અલભ્ય લહાવો લઈ આનંદ અનુભવ્યો હતો. આ દિવસે કથાને વિરામ અપાયો હતો અને તુલસીપત્રથી પૂજન કરાયું હતું.

બપોરે ૧૦૮ પવિત્ર દ્રવ્યોથી મહાઅભિષેક કરાયો હતો. આવા દિવ્ય દર્શનથી સૌ કૃતકૃત્ય થયા હતા. પાંચ કિલો ચાંદીના સિક્કાથી પૂજન કરવામાં આવ્યું હતું. આ એક ઐતિહાસિક અને વિશેષ અવસર હતો. સોના-ચાંદીથી પૂજન કરવાનો સંપ્રદાયમાં આ પ્રથમ બનાવ હતો. સીમાચિહ્ન રૂપ આ પ્રસંગે હાજર રહેવાનો અને દર્શન કરવાનો લાભ નસીબદાર હરિભક્તોને જ સાંપડે.

જનમંગલ જ્ઞાનયજ્ઞની આ કથા વ્યાસાસને વિરાજમાન થઈ વિદ્વાન વકતા શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા શા. સ્વામી શૌનકમુનિ દાસજીએ પોતાની સરળ છતાં વિદ્વતાસભર વાણીમાં પ્રસંગોચિત પ્રસંગો સાથે કથામૃતનું પાન કરાવી શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રસંગોને પ્રબળ બનાવવા અને કથા શ્રવણના આનંદમાં અભિવૃદ્ધિ કરવા સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજીએ સુમધુર સંગીત સાથે સૌને ડોલાવ્યા હતા.

કથા દરમ્યાન પૂજ્ય મહંત સ્વામી તથા વડીલ સંતો દ્વારા યજમાન પરિવારને પહેરામણી અર્પણ કરી ફૂલહાર પહેરાવી સન્માનિત કરવામાં આવેલ. તેમજ આવા સત્કાર્ય કરવા બદલ બિરદાવવામાં આવેલ. કથા દરમ્યાન મહંત સ્વામી તથા દરરોજ અલગ અલગ વડીલ સંતોએ આશીર્વચન પાઠવી પ્રસન્નતા વ્યક્ત કરી પ્રેરણાદાયક પ્રવચનો દ્વારા સત્કાર્યો કરવાથી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય તેવી સમજ આપી હતી.

કથા દરમિયાન મહંત સ્વામી ઉપરાંત ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, સદગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, પ્રસાદી મંદિરના મહંત સ્વામી કેશવજીવન દાસજી, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી બાલકૃષ્ણ દાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી સહિત મોટી સંખ્યામાં સંતો હાજરી આપી હતી. સાં.યો. મહંત સામબાઈ ફઈ સહિત મોટી સંખ્યામાં સાં.યો.બહેનોએ પણ કથાનો લાભ લીધો હતો. દરરોજ લગભગ મોટી સંખ્યામાં હરિભક્તો કથા શ્રવણાર્થે પધારતા હતા અને પ્રસાદનો પણ લાભ લેતા હતા.

સભાનું સુંદર સંચાલન સ્વામી પરબ્રહ્મજીવન દાસજીએ કર્યું હતું. કોઠારી સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વામી સદ્ગુણસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણચરણ દાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી, સ્વામી વેદસ્વરૂપદાસજીએ મહોત્સવની સેવા સંભાળી હતી.

યુવક મંડળ-યુવતી મંડળના સભ્યોનો સુંદર સાથ સહકાર સાંપડ્યો હતો.

અહેવાલઃ- ભરતભાઈ મહેતા

## ભુજ મંદિર દ્વારા વિતરણ સેવા

પ્રાતઃસ્મરણીય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી એવં વડીલ સંતોના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે ભુજના શ્રી લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટના સેવાભાવી કાર્યકર્તાઓના સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા 'રેનબસેરા' ના દીન-દુઃખિયા, નિરાધાર અને જરૂરિયાતમંદ લોકો માટે રાશન કીટ, વસ્ત્રો, ફળાદિ સૂકો-નાસ્તો, પ્રસાદ આદિનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત રેનબસેરાના આશ્રિત માટે પલંગ, ગાદલાં, ઓશીકાં, રજાઈ, ચટાઈ, ખુરશી વગેરે ૧૫-૧૫ નંગ અર્પણ કરવામાં આવેલ. ઉપરાંત પર્યાવરણ પ્રેમી લોકો સાથે મળીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે કરવામાં આવેલા વિતરણ કાર્યમાં ભુજ મંદિરના ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી ત્યાગવલ્લભ દાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી, આદિ સંતો ઉપરાંત મિરઝાપરના પ.ભ. ભરતભાઈ, પ.ભ.માવજીભાઈ, પ.ભ. કરસનભાઈ આદિ હરિભક્તો જોડાયા હતા. વાડીમાં કામ કરતા પુરુષ મજૂરોને શર્ટ અને મહિલા મજૂરને સાડી અપાઈ હતી.

## અંજાર મંદિર દ્વારા ઉજવાયેલ વિવિધ ઉત્સવો - ખારેક ઉત્સવ

સંવત્ ૨૦૭૭, જેઠ વદ ૩૦ તા. ૧૦-૦૭-૨૦૨૧ ના રવિવારે અંજાર શ્રી ઘનશ્યામ મહારજની સન્મુખ ભવ્યાતિભવ્ય ખારેકનો ઉત્સવ ગોઠવવામાં આવ્યો હતો. મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીની પ્રેરણાથી સવારે ૭ વાગ્યે આરતી કરવામાં આવી હતી. ત્યાર બાદ શા. સ્વામી વિશ્વવલ્લભ દાસજીએ શ્રીઘનશ્યામ મહારાજ ખારેક ખજુર જમતા તે લીલાઓને યાદ કરીને હરિભક્તોને કથા-વાર્તાથી તૃપ્ત કર્યા હતા. ૧૦૦ કીલો ખારેકનું યોગદાન આપનાર બલરામ ખારેક ફાર્મના માલિક કિશોરભાઈ વાલજીભાઈ દબાસીયા તથા જે યજમાનોએ ધનરાશિનું યોગદાન આપ્યું હતું એવા યજમાનો દ્વારા, ૧૦:૦૦ વાગ્યે સમાપ્તિની આરતી કરવામાં આવી હતી. આ અવસરે ચોવિશી ગામોમાંથી હરિભક્તો સાંખ્યયોગી બહેનો તથા અંજાર શહેરનાં ભક્તો વહેલી સવારથી પધારીને દર્શનનો લાભ લીધોહતો. આ ઉત્સવની વ્યવસ્થા કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી તથા કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીનાં માર્ગદર્શન હેઠળ સ્વામી દેવનંદનદાસજી તથા પુજારી સ્વામી સત્યજીવન દાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ સંભારી હતી.

## ધૂન તથા મહાઆરતી

તા. ૧૮-૦૭-૨૦૨૧ ના રવિવારે શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે, મહંત સ્વામી તથા પૂ.વડીલ સંતોના સાંનિધ્યમાં ધૂન, તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ યજમાન પરિવારના આગ્રહને માન આપી ભુજથી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી પણ પધારેલ અને પ્રાસંગિક પ્રવચન કરેલ. યજમાન રમેશભાઇ માધવજીભાઇ કોટક પરિવાર રહેલ. સુપુત્ર રાજેન્દ્રભાઇ રમેશભાઇ કોટકના લગ્ન તથા પુત્ર વધુ વૈશાલીબેન નીકુંજ ભાઈના શ્રીમંત પ્રસંગ નીમિત્તે આ કાર્યક્રમ સાંજે ૫:૩૦ થી ૭:૩૦ સુધી કરવામાં આવેલ હતો. સંચાલન શા. સ્વામી દેવચરણદાસજીએ કરેલ.

દેવશયની એકાદશીએ, ચાતુર્માસ પ્રારંભ થતો હોવાથી તા. ૨૦-૦૭-૨૦૨૧ના મંગળવારે મહાપૂજા રાખેલ હતી. બહેનો તથા ભાઇ હરિભક્તો આ અલભ્ય લાભ સવારે શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં લઇ ધન્ય બન્યા હતા. આ મહાપૂજાની વ્યવસ્થા કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી તથા કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીનાં માર્ગદર્શન હેઠળ સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ કરાવેલી હતી.

## ચાતુર્માસ કથા

અષાઢ સુદ દેવશયની એકાદશી એટલે ચાતુર્માસનો પ્રારંભ. સ્વામિનારાયણ ભગવાનના આદેશ મુજબ આ ચારમાસ દરમ્યાન ભગવાનના ભક્તોએ ભગવાનને રાજીકરવા માટે કંઈક વિશેષ નિયમ ગહણ કરતા હોય છે,તો આપણા ભુજ મંદિરના વડિલ સંતોએ એક પ્રણાલિકા પ્રવર્તાવી છે કે જ્યારે ચાતુર્માસનો પ્રારંભ થાય, ત્યારે શ્રીમદ્દ્શિક્ષાપત્રી ભાષ્ય અને શ્રીમદ્દ્ભાગવતની કથાનું શ્રવણ અને વાંચન કરવું.તો આ નિયમને અનુસારે સંવત્ ૨૦૭૭ અષાઢ સુદ ૧૧ તા.૨૦-૦૭-૨૦૨૧ થી શ્રાવણવદ ૮ (જન્માષ્ટમી) તા.૩૦-૦૮-૨૦૨૧ દરમ્યાન શ્રીમદ્દ્શિક્ષાપત્રી ભાષ્ય તથા શ્રીમદ્દ્ભાગવત કથાનું આયોજન અંજારમાં થયું છે,જેમાં સવારે શ્રીમદ્દ્શિક્ષાપત્રી ભાષ્યની કથા ૭ થી ૭:૪૫ તથા સાંજે શ્રીમદ્દ્ભાગવતની કથા ૬:૪૫ થી ૭:૩૦ કરવામાં આવે છે, યજમાનો દ્વારા બન્ને સમયે કથાની આરતી ઉતારવામાં આવે છે. શ્રીમદ્દ્શિક્ષાપત્રી ભાષ્યની કથાના વક્તા કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભ દાસજીએ પ્રથમ દિવસે "શિક્ષાપત્રી" નામનાં ૪ વર્ણ (અક્ષર) ઉપર સુસ્પષ્ટ અર્થ સહિત વ્યાખ્યા કરીને શ્રોતાજનોને મંત્ર મુગ્ધ કર્યા હતા બપોર પછી સ્વામી દેવનંદનદાસજીએ ભાગવત કથાનું માહાત્મ્ય સંભળાવ્યું હતું, મોટીસંખ્યામાં ભકતો હાજર રહ્યા હતા. તથા દેવશયની એકાદશીના વહેલી સવારે મંગળા આરતી બાદ સમૂહ ધૂન તથા મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમોને સફળ બનાવવા સંતો તથા સાં.યો. બહેનો તેમજ હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવયુવક, યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમોની તમામ જવાબદારી કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી તથા સ્વામી દેવનંદનદાસજી તથા સ્વામી સત્યજીવન દાસજીએ સંભાળી હતી. અગાઉ તા.૨૦-૦૬-૨૦૨૧ ના રોજ આમ્ર મહોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો હતો.

- અહેવાલ, ઠક્કર મેહુલભાઈ પ્રવિણચંદ્ર (અંજાર).

## માંડવી મંદિરે વિવિધ ઉત્સવો

### રથયાત્રા ઉત્સવ

માંડવી મંદિરના મહંત સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજી આદિ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી વિવિધ ઉત્સવો ઉજવાયા હતા.

વર્ષાઋતુના પ્રારંભે ભગવાન શ્રી જગન્નાથ પોતાના બહેન સુભદ્રાજી અને મોટા ભાઈ બળદેવજી સાથે પોતાના ભક્તોને દર્શનનો લાભ આપવા માટે નગરયાત્રામાં પધારતા હોય છે.

સામાન્ય રીતે દરરોજ ભક્તો ભગવાનના દર્શન માટે મંદિરે જતા હોય છે ત્યારે અષાઢીબીજે ભગવાન રથમાં સવાર થઈને ભક્તોને દર્શન આપવા માટે સ્વયં નગર વિહાર કરતા હોય છે ત્યારે માંડવીમાં રથયાત્રા પણ પરંપરાગત રીતે નીકળતી હોય છે,પણ કોરોના મહામારીને ધ્યાનમાં રાખતાં આ વર્ષે રથયાત્રા મહોત્સવ મંદિરના પરિસરમાં જ રાખવામાં આવી હતી.

અષાઢ સુદ ૨, તા. ૧૨/૭/૨૧ સોમવારના રોજ સવારે ૭:૦૦ કલાકે શણગાર આરતી બાદ મંદિરના પ્રાંગણમાં શ્રીઠાકોરજીને રથ ઉપર બેસાડી વાજતે- ગાજતે ભક્તિભાવથી વચ્ચે વચ્ચે પૂજન કરતા મંદિરની પ્રદક્ષિણા બાદ યજમાનો દ્વારા આરતી કરી યાત્રા પૂર્ણ થઈ હતી.

ભગવાનની રથયાત્રામાં મંડળીવાળા પોતાના વાજીંત્રો સજ્જ કરી આ રથયાત્રામાં જોડાઈને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

ઉત્સવના યજમાનપદે ગામ રોહા સુખપરના પ.ભ. નારણભાઈ મેઘજી હીરાણી ધ. પ. લાલબાઈ સુપુત્ર નંદકિશોરભાઈ ધ.પ. રશ્મિબેન પૌત્ર ખુશિલ,

ઓમ હાલ યુગાન્ડા ઝીંઝા તેમજ અ.નિ. વિશ્રામભાઈ કરશન વેકરીયા, ધ.પ. ગં.સ્વ. હંસાબેન, સુપુત્રો ધનંજય તથા હેત, સુપુત્રી હેમંતિકા હસ્તે પિતાશ્રી કરશનભાઈ લાલજી વેકરીયા, ધ.પ. પ્રેમબાઈ, સુપુત્ર અરવિંદભાઈ ધ.પ. જીજ્ઞાબેન, સુપુત્ર વંદન, સુપુત્રી હેત્વી સપરિવાર. પિયાવા - માંડવી રહ્યા હતા.રથયાત્રા પૂર્ણ થતાં સર્વે ભક્તો સભામંડપમાં ભેળા થયા હતા, સંતોના આશીર્વાદ બાદ પ્રસાદ લઈ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## બ્રાહ્મણો દ્વારા સ્તોત્ર પારાયણ તથા પૂજન

માંડવી મંદિરમાં બિરાજતા શ્રી વૃંદાવનવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય સાનિધ્યમાં દર મહિનાની સુદ નવમી શ્રીહરિ જયંતીના દિવસે શ્રી સર્વમંગલસ્તોત્ર તથા તુલસીપત્રથી પૂજન તેમજ અમાવસ્યાના દિને શ્રી વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્રની ભૂદેવો દ્વારા બંને દિવસે પારાયણ તથા પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. કાર્યક્રમ બાદ ભૂદેવોને મહાપ્રસાદ સાથે દક્ષિણા અપાય છે અને હરિભક્તો પૂજન તથા ભૂદેવોને દક્ષિણા મહાપ્રસાદના યજમાન બનાવનો લાભ લઈ પ્રસન્નતા વ્યક્ત કરી રહ્યા છે. અને હરિભક્તો પણ ઉપરોક્ત બંને દિવસે પૂજનમાં બેસવાનો લાભ લઈ યજમાન બની રહ્યા છે.

## ૨૦૦૦થી વધુ વૃક્ષારોપણ

ભુજ શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે 'વૃક્ષ એજ જીવન'ને લક્ષ્ય બનાવી માંડવી મંદિરના મહંત સ્વામીની આજ્ઞા શિરોધાર્ય કરી એક એક વૃક્ષ વાવેતરનો સંકલ્પ કરી માંડવી મંદિરેથી રોપા લઈને સંતો સમસ્ત માંડવી વિસ્તારના હરિભક્તોના ઉતારે જઈને વાવેતર કરવામાં આવેલ છે.

૨૦૦૦ વધુ રોપા સંતોએ એક એક ઉતારે જઈને રોપ્યા હતા.માંડવી વિસ્તારના હરિભક્તોના ઘરે સંતો સામેથી આવતા જાણી હોંશે હોંશે આ આયોજનને વધાવ્યું હતું. સંતોને જયાં જ્યાં પણ સાર્વજનિક જગ્યા સારી લાગી ત્યાં પણ વાવેતર કરવામાં આવ્યું હતું.

શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે સંતોએ ઘરદીઠ ૮ માળા અને ૨ જનમંગલપાઠના નિયમ આપ્યાં હતાં. સાથે જે હરિભક્ત વધારે કરી શકે તેને સંતોએ પ્રેરણા કરીને વધુ ભજન કરે એવા નિયમ પણ આપ્યા હતા. આ આયોજનને કોઠારી સંતો તેમજ મંડળના તમામ સંતોએ સફળ બનાવ્યું હતું.

## વિવિધ પારાયણો

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તેમજ માંડવી મંદિરના મહંત સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી,સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી,સ. ગુ.સ્વામી હરિબળ દાસજી આદિક સંતોના આશીર્વાદથી તારીખ ૨૫-૬-૨૧ થી ૨૯-૬-૨૧ સુધી પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન રાખવામાં આવેલ. જેના વકતાપદે શાસ્ત્રી સ્વામી આનંદમુનિદાસજી તથા પુરાણી સ્વામી રાઘવમુનિદાસજી રહ્યા હતા. વક્તા સંતોએ સુમધુર વાણીથી નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરુષોત્તમપ્રકાશ ગ્રંથનું સચોટ જ્ઞાન તથા શ્રીહરિનો ભરપૂર મહિમા સમજાવ્યો હતો. તમામ માંડવી વિસ્તારના હરિભક્તોએ પારાયણનો લાભ લીધો હતો. સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી વાજતે-ગાજતે છાબની ભેટ લઈ આવવામાં આવેલ. વડીલ સંતો એ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## પંચાહ્ન પારાયણ

તારીખ ૦૧-૦૭-૨૦૨૧ થી ૦૫- ૦૭-૨૦૨૧ જેઠ વદ ૭ થી જેઠ વદ ૧૧ સુધી ગામ નાગલપરના અ. નિ. નાનબાઈ ધનજી ભંડેરી હસ્તે ખીમજી જાદવા ભંડેરીના યજમાનપદે પંચદિનાત્મક પારાયણનું આયોજન થયેલ. જેના વકતાપદે શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી તથા પુરાણી સ્વામી

રામાનુજદાસજી રહ્યા હતા. વક્તા સંતોએ સુમધુર વાણીથી હરિલીલામૃત કળશ ગ્રંથ વાંચન કરી શ્રીહરિનો ભરપૂર મહિમા સમજાવ્યો હતો. તમામ માંડવી વિસ્તારના હરિભક્તોએ પારાયણનો લાભ લીધો હતો.

## પંચાહ્ન પારાયણ

તારીખ ૧૦-૭-૨૧ થી ૧૪-૭-૨૧ જેઠ વદ અમાસ થી અષાઢ સુદ ૪ સુધી ગામ પિયાવા માંડવીના અ.નિ. પ.ભ. વિશ્રામભાઈ કરસન વેકરીયાની પુણ્ય સ્મૃતિમાં પાંચ દિવસની કથા પારાયણ રાખવામાં આવેલ. પારાયણના યજમાનપદે અ.નિ. વિશ્રામભાઈ કરશન વેકરીયા, ધ.પ. ગં.સ્વ. હંસાબેન, સુપુત્રો ધનંજય તથા હેત, સુપુત્રી હેમંતિકા હસ્તે પિતાશ્રી કરસનભાઈ લાલજી વેકરીયા, ધ.પ. પ્રેમબાઈ, સુપુત્ર અરવિંદભાઈ ધ.પ.જીજ્ઞાબેન, સુપુત્ર વંદન, સુપુત્રી હેત્વી સપરિવાર રહ્યો હતો. જેના વકતાપદે પુરાણી સ્વામી દેવવિહારીદાસજી તેમજ પુરાણી સ્વામી સર્વમંગલદાસજી રહ્યા હતા. વક્તા સંતોએ શતાનંદ સ્વામી વિરચિત સત્સંગિજીવન તૃતીય પ્રકરણની કથા કરેલ.

પારાયણમાં યજમાન પરિવારને આશીર્વાદ આપવા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ.સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તેમજ કોઠારી પાર્ષદ જાદવજીભગતદ આદિ સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા.સાથે અંજાર,પ્રસાદી મંદિર,મુંબઈ તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓથી સંતો પધારી દર્શન તથા આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે યજમાન પરિવાર તરફથી શ્રી રાધિકાજીને સુર્વણની ૨ બંગળી અર્પણ કરવામાં આવી હતી.

## પંચાહ્ન પારાયણ

તા. ૧૫-૭-૨૧ (અષાઢ સુદ ૫/૬) થી તા. ૧૯-૭-૨૧ (અષાઢ સુદ ૧૦) સુધી ગામ ડોણના પ.ભ. મનજીભાઈ કુંવરજી રાબડીયા ધર્મપત્ની કાનબાઈ સુપુત્ર વેલજીભાઈ, કાંતિલાલભાઈ સપરિવારના યજમાનપદે પાંચ દિવસની કથા પારાયણ રાખવામાં આવેલ. જેના વક્તાપદે શા. સ્વામી શુકમુનિદાસજી, પુ. સ્વામી રાઘવમુનિદાસજી રહ્યા હતા. વક્તા સંતોએ નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની કથા કરીને શ્રીહરિનો મહિમા સમજાવ્યો હતો. તમામ માંડવી વિસ્તારના હરિભક્તોએ પારાયણનો લાભ લીધો હતો.

અહેવાલઃ- કો.સ્વામી સર્વમંગલદાસજી

## શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવા વિશ્વ હિન્દુ ચયનિત કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગ

હાલ તાજેતરમાં તારીખ ૧૦-૦૭-૨૦૨૧ અને ૧૧-૦૭-૨૦૨૧ બે દિવસીય વિશ્વ હિન્દુ પરિષદ કચ્છ વિભાગ ચયનિત કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગનું શ્રી સહજાનંદ ગુરુકુળ માનકુવામાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૫ થી વધુ કાર્યકર્તાઓએ ભાગ લીધેલ હતો.

આ કાર્યક્રમના કાર્યકર્તાઓ અને સંસ્થાના

## ગૌશાળામાં દાન ભેટ કરવા માટે

**Trust Name: Swaminarayan Gaushala Trust • Saving A/c No.: 380010100038902**

**IFS Code: BKID0003800 • Bank Details: Bank of India, Main Branch, Bhuj-370001**

દાન આપ્યા પછી તમારું નામ, સરનામું, મો.નંબર તથા પેમેન્ટ સ્ક્રીન શોટ નીચે જણાવેલ ઈ-મેઈલ / વોટસએપ કરવા નમ્ર વિનંતી

જે દાતાશ્રીઓને ઇન્કમટેક્ષ ની કલમ ૮૦ જી (૮૦G) માં ૫૦% બાદ લેવું હોય તેમણે પોતાનો પાનકાર્ડ નંબર મોકલવા જરૂરી છે

**Email id: kothar@swaminarayan.faith • Whats App No.: +91 75676 07000**




સંચાલકો સંતોએ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અને સંસ્થાના સંચાલક સ્વામી ગોલોકવિહારી દાસજીએ પધારેલા મહેમાનોને સંસ્થાનો પરિચય આપી અને સાધુવાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે વિહિપનો કાર્યક્રમ હંમેશા બળવાન, બુદ્ધિમાન હોવો જોઈએ. સંગઠનનો મુખ્ય ઉદ્દેશ ભારતીય વૈદિક સંસ્કૃતિને પરમ વૈભવના શિખરે લઈ જઈ આ માં ભારતીને અખંડ ભારત બનાવવાનો છે. ગુજરાતના વિવિધ પ્રદેશોમાં આવા કાર્યક્રમો યોજી વધુમાં વધુ ભારતીય કાર્યકર્તા આવા કાર્યક્રમમાં જોડાય તેવો મુખ્ય ઉદ્દેશ્ય છે. હિન્દુ સંગઠન મંત્રીએ વિહિપના વિવિધ આયોજનનું માર્ગદર્શન આપ્યું હતું. અને સત્સંગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન સંતોજ આપે એ યોગ્ય છે. વિહિપ કચ્છ વિભાગના પ્રવક્તાઓએ હિન્દુ રાષ્ટ્ર માટેના (વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્રનિર્માણ) જેવા પોતાનો ઉમદા વિચારો રજુ કર્યા હતા. ગુજરાત પ્રદેશ તથા કચ્છ પ્રદેશમાંથી વિહિપના મુખ્ય મહેમાન ઉપસ્થિત રહ્યા હતા.

હિન્દુ ધર્મને ઉજાગર કરવા માટે, જોમ અને જોશ પૂરા પાડવા માટે સુમધુર કીર્તનનું ગાયન કરવામાં આવ્યું હતું.

ધર્મકી જય હો, અધરમ કા વિનાશ હો, વિશ્વકા કલ્યાણ હો, ગૌવંશ હત્યાં બંધ હો, ધર્માંતરણ બંધ હો, ભારત અખંડ હો, ભારત માતા કી જય વંદે માતરમ્....

આવા જુશાભેર ધર્મ જાગૃતિના નારાની સાથે શાંતિપૂર્ણ કાર્યક્રમ સંપન્ન થયો

અહેવાલ:- સ્વામી ગોલોકવિહારીદાસજી

## દેશથી દાન ભેટ મોકલવા માટે

https://www.swaminarayan.faith/donate/indian-resident-donors
ઉપર ની લીંક નો ઉપયોગ કરીને જે દાન આપશે તેમને રસીદ પણ ઈમેઈલ દ્વારા ઓનલાઈન મોકલવામાં આવશે.

જે દાતાશ્રીઓ ઉપરની લીંકના ઉપયોગ સિવાય દાન આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલાં બેંક એકાઉન્ટમાં સેવા જમા કરાવી નામ, સરનામું, મો.નંબર તથા પેમેન્ટ સ્ક્રીન શોટ નીચે જણાવેલ ઈ-મેઈલ / વોટસએપ કરવા નમ્ર વિનંતી

State Bank of India Bhuj : Saving A/c No.: 56156006293 • IFS Code: SBIN0000334
Bank of India Bhuj : Saving A/c No.: 380010100007828 • IFS Code: BKID0003800
Bank of Baroda Bhuj : Saving A/c No.: 03730100000012 • IFS Code: BARB0BHUJXX
Central Bank of India Bhuj : Saving A/c No.: 03730100000012 • IFS Code: CBIN0280589
Mandir email id: kothar@swaminarayan.faith • Whatsapp No.: +91 7567607000

## : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

# કચ્છ ભુજના રણછોડ ભગત

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

બાળ મિત્રો, જયશ્રી સ્વામિનારાયણ, કેમ છો, બધા મજામાં ને, ભગવાનના ભક્તને તો મજા જ હોયને, ભગવાન મળ્યા પછી બીજું શું જોઇએ. મિત્રો, ગત અંકમાં તમે ભુજનાં લક્ષ્મીબાઇના પુત્ર કાનુડાની વાત વાંચી હશે. કાનુડો એ શ્રીકૃષ્ણનું બાળપણનું એક નામ છે. તેમ શ્રીકૃષ્ણનું બીજું નામ રણછોડ પણ છે. તેવા બીજા બાળ ભગત હીરજીભાઇના પુત્ર રણછોડનો પ્રસંગ વાંચીએ.

એક સમયે શ્રીહરિ ભુજનગર રાજ્યના કારભારી સુતાર હીરજીભાઇને ઘેર પધાર્યા. ત્યાં હીરજીભાઇનો પુત્ર રણછોડ બહુ બીમાર થઇ ગયેલો, ને છેક મૃતઃપ્રાય જેવો બની ગયેલો એટલે કે દેહની સ્મૃતિ પણ રહી ન હતી.

ભગવાનના સાચા ભક્ત હોય અને એમના ઘર - પરિવારમાં કોઇને બીમારી આવી પડે કે ભૂત-પ્રેતનો વળગાડ નડે ત્યારે તે જ્યાં ત્યાં ન દોડે, બીજે માથા ન ભટકાવે. એ ભક્ત ભગવાન કે મોટા સંતને શરણે જ જાય. એમની પાસે જઇ પોતાની મૂંઝવણ કહે અને સંતો કહે એમ કરે.

અહીં સુતાર હીરજીભાઇ મહારાજને શરણે ગયા ને પ્રાર્થના કરી : 'હે મહારાજ ! મારો પુત્ર રણછોડ બહુજ બીમાર થઇ ગયો છે. દવા કરતાં પણ કોઇ ફેર પડતો નથી. તેની સ્થિતિ દેહ રહે કે ન રહે તેવી થઇ ગઇ છે માટે દયા કરીને તમે દર્શન દેવા પધારો. અહીં રહેશે તો અહીં તમારી સેવા કરશે અને આપ અક્ષરધામમાં તેડી જશો તો ત્યાં પણ તમારી સેવા કરશે. માટે તમને જેમ યોગ્ય લાગે એમ કરો. મારા પુત્રને તો બન્ને હાથે લાડુ છે.

સુતાર હીરજીભાઇની પ્રેમભાવથી ગદ્‌ગદ્‌ કંઠે થઇ કરેલી પ્રાર્થનાને સાંભળી, બાળવત્સલ ભગવાન શ્રીહરિ તરત જ વંડીમાંથી ઊઠીને ઘરની ઓસરીએ જ્યાં રણછોડનો ખાટલો ઢાળેલો હતો ત્યાં પધાર્યા. શ્રીજી મહારાજ રણછોડના ખાટલા પાસે આવી સૂતેલા રણછોડની છાતી ઉપર પોતાનો જમણો ચરણ મૂકયો. પછી ધીર ગંભીર મેઘ જેવી મીઠી વાણીથી મહારાજે કહ્યું : 'રણછોડ ! એ..રણછોડ.. ! તારા શરીરને કેમ છે ?' શ્રીહરિની પ્રેમભરી વાણી સાંભળી રણછોડે આંખ ઉઘાડીને મહારાજ સામું જોયું. અંતરમાં શાંતિ થઇ. શ્રીજીમહારાજે ફરીવાર ઊંચા અવાજે પૂછ્યું : 'રણછોડ ! અમોને ઓળખે છે ? અમો કોણ છીએ ?'

મંદ મંદ હસ્તો રણછોડ બોલ્યો : 'હા, મહારાજ ! હું તમોને ઓળખું છું. આપ અમારા ગુરુ છો. અને સાક્ષાત્ સર્વોપરી ભગવાન છો. રણછોડનો આવો નિશ્ચય જોઇ શ્રીહરિ ખૂબ ખુશ થયા. તે સમયે બાજુમાં ઊભેલા હીરજીભાઇને શ્રીહરિએ કહ્યું : 'આ તમારો પુત્ર રણછોડ અને સુંદરજીભાઇનો પુત્ર રાઘવજી એ બંને આગલા જન્મમાં યોગી હતા પણ પૂર્વજન્મની થોડી સંસારની વાસના રહી ગઇ હતી. તેથી આ જન્મે એ વાસનાને પૂરી કરવા તમારા બન્ને ભાઇઓને ઘેર જન્મ લીધો છે. હવે આ જન્મમાં અમારું ભજન કરી, નિર્વાસનિક થઇ અંતે અમારા ધામને પામશે.

હાલ આ તમારા પુત્ર રણછોડનું આયુષ્ય પૂરું થઇ રહ્યું છે પણ આજથી અમો તેને પચાસ વર્ષનું આયુષ્ય વધારી આપીએ છીએ, અને તેની સઘળી કસર ટળી જશે. શરીરની અને આત્માની' આમ કહીને શ્રીહરિએ બીમાર રણછોડ સામી અમીદૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા. શ્રીહરિના દર્શન અને આશીર્વાદથી રણછોડને ધીરે ધીરે આરામ થતો ગયો. આમ ભગવાને પોતાના ભક્તનું દુઃખ દૂર કરીને તેમની શ્રદ્ધાને વધાવી.

બાળભક્તો ! દુનિયામાં ઘણી સુવિધા હશે, સંબંધીઓ હશે, પણ સંકટ સમયે એક માત્ર ભગવાન જ

મદદે આવે છે. તેમની કૃપા હશે તો કોઈ દુઃખનો પડછાયો પણ તમારી પાસે નહીં આવે. પણ એ પહેલાં તમારે તેમના બનવું પડશે. નિષ્ઠા પાકી રાખવી જોઈશે. જરા કંઈ થાયને જ્યાં ત્યાં માંથા નમવા પહોંચી જઈએ. તો ભગવાન રક્ષણ કરવા ન આવે. માટે સાચી નિષ્ઠા રાખી તન-મન અને ધનથી ભગવાનનું ભજન કરી લેવું જોઈએ.

# -: જ્ઞાન સરિતા :-

-: રક્ષા-બંધન :-

ભારત તહેવારોનો દેશ છે. તેમાં આપણે અનેક ધાર્મિક, સામાજીક, અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ. તેમાં શ્રાવણ સુદ પૂનમ એટલે રક્ષાબંધનનો દિવસ, આ દિવસે જ ભાઈને બહેન રાખડી-રક્ષા બાંધે છે. તેથી આ દિન રક્ષાબંધન ના નામથી જ ઓળખાય છે.

મહાભારતના યુદ્ધમાં માતા કુંતીએ અભિમન્યુના હાથે રક્ષા બાંધી હતી. મુખ્ય રાખડી બાંધવાની પરંપરા બલિરાજાને ભાઈ બનાવી લક્ષ્મીજીએ એમના હાથે રાખડી બાંધીને કરી હતી. આજે લોકો બલિ અને લક્ષ્મીજી એટલે કે ભાઈ અને બહેન વચ્ચે થયેલ રક્ષાબંધનને અનુસરે છે.

દેવોને હરાવી દાનવ રાજ બલિ સ્વર્ગલોકનો રાજા બન્યો. ત્રિલોકનો અધિપતિ થયો છતાં હજુ તેમને સંતોષ ન હતો. અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ કર્યો.

દેવો ભગવાનને પ્રાર્થના કરી. દેવોના કાર્ય માટે ભગવાન વિષ્ણુ વામન અવતાર લીધો. વામનજી બલિના યજ્ઞમાં બ્રાહ્મણ રૂપે દાખલ થયા. બલિરાજાએ સત્કાર કર્યો. અને જે જોઈએ તે માંગવા કહ્યું. ત્યારે વામનજીએ કહ્યું : ‘મારે બીજું કાંઈ જોઈતું નથી, માત્ર ત્રણ પગલાં જમીન આપો.’ બલિરાજાએ ત્રણ પગલાં જમીન આપવાનો સંકલ્પ કર્યો. ત્યાં તો વામનજીએ પોતાની લીલા દેખાડી, પોતાનું સ્વરૂપ અતિ વિરાટ કરી દીધું. પોતાના એક જ પગલાંથી આખી પૃથ્વી માપી લીધી. બીજા પગલાંથી સ્વર્ગને આવરી લીધું. હવે ત્રીજા પગલા માટે બલિ પાસે કશું બાકી રહ્યું નહિ.

વામનજીએ કહ્યું : ‘હે બલિ ! તારું સઘળું રાજ્ય મારા બે પગલાંમાં આવી ગયું છે. હવે ત્રીજું પગલું કયાં મૂકું ?’ બલિ નમ્રતાપૂર્વક બોલ્યા : ‘હે ભગવાન ! ત્રીજું પગલું મારા મસ્તક ઉપર મૂકો ?’ અને વામનજીએ ત્રીજું પગલું બલિના માથે મૂકી બલિને પાતાળમાં પહોંચાડી દીધા. અને દેવોને એમનું સ્વર્ગ પાછું આપાવ્યું.

બલિની ભક્તિ જોઈ ભગવાન પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. ત્યારે બલિએ કહ્યું મને આપનાં અખંડ દર્શન થાય એ માટે આપ અખંડ મારે દ્વારે ઊભા રહી દર્શન આપો.

બલિરાજાની ભક્તિથી ભગવાન વિષ્ણુ તેને બારણે બંધાયા. આ બાજુ ભગવાનના વિરહમાં લક્ષ્મીજી , પ્રભુ પાછા કેમ આવે, તે જ વિચારમાં લીન રહેતાં હતાં.


એક દિવસ તો લક્ષ્મીજી બલિના ઘરે પાતાળમાં પહોંચી ગયાં. લક્ષ્મીજીને આવેલાં જોઈને રાજા બલિએ પ્રસન્નચિત્તે યોગ્ય સત્કાર કર્યો. અને તે સમયે લક્ષ્મીજીએ બલિને હાથે સૂત્ર (રાખડી) બાંધ્યું. તેઓ બલિના બહેન થયાં. હવે ભાઈએ બહેનને કંઈક આપવાનું હોય. પણ લક્ષ્મજી તો તમામ સંપત્તિનું મૂર્તિમાન સ્વરૂપ છે. એમને કઈ સંપત્તિ આપવી ? બલિ મૂંઝાયો. એટલે બલિએ બહેનને માંગવાનું કહ્યું. એટલે તેમણે દરવાજે ઊભેલા નારાયણને માગ્યા. ભાઈ બલિએ બહેન લક્ષ્મીજીને નારાયણ આપ્યા. લક્ષ્મજી નારાયણને સાથે વૈકુંઠ લોક ગયા.

ભાઈ અને બહેનનાં પવિત્ર પ્રેમની ગાંઠને વધુ દૃઢ કરતો રક્ષાબંધનનો દિવસ પરંપરાથી આજે પણ ઉજવાય છે.

રક્ષણબંધનનો પર્વ એટલે દ્રષ્ટિ પરિવર્તનનો પર્વ. ભાઈ-બહેનનું નિસ્વાર્થ પ્રેમનું વહેતું ઝરણું છે. બહેનની રાખડી હાથ પર બંધાવતાની સાથે જ બહેનની રક્ષણની જવાબદારી ભાઈ સ્વીકારે છે, જેથી બહેન સમાજમાં નિર્ભયપણે ફરી શકે છે.

## -: શબ્દ રચના :-

શિવ પરિવાર અને શિવ
પરિવારને લગતી ૧૮
વસ્તુઓના નામો અહીં મૂકેલા
છે તે શોધો.



## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૦૧ | કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા |
| ૫૦૦ | દેવશીભાઈ કેસરા હાલાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે ભેટ - કોડકી |
| ૪૦૦ | જયાબેન ભુપેન્દ્ર ગોરસીયા જન્મદિવસ નિમિત્તે ભેટ - માધાપર |
| ૨૫૧ | રામજીભાઈ વાલજી જેસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા |
| ૧૦૦૧ | હિતાંશ કલ્પેશ ખેતાણી એક વર્ષની ઉંમર થતાં શ્રીહરિની પ્રસન્નતા અર્થે ભેટ- ફોટડી હાલે નાસિક |
| ૧૫૧ | કિશનભાઈ ભરત પંડયા જન્મદિવસ નિમિત્તે ભેટ - ભુજ |
| ૫૦૦ | અંજના વાલજી દેવશી હિરાણી લગ્ન પ્રસંગે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માનકુવા |
| ૨૫૦ | કુશ વિનોદ વેલજી સેંઘાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - નારણપર (ની.વા.) |
| ૫૦૦ | જીયા મિનેશ ભુવા જન્મદિવસ નિમિત્તે ભેટ - કેરા |
| ૨૫૦ | નિલકંઠ શૈલેષભાઈ નાકરાણી હ.દાદા રામજીભાઈ જન્મદિવસ નિમિત્તે ભેટ - નડીયાદ |
| ૧૨૫૧ | શ્રી નરનારાયણદેવ કનટ્રકસન કમ્પની હ. મુકેશ દેવજી વરસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - કોડકી |
| ૨૫૦ | રિદ્ધીબેન પરષોત્તમ ભાવાણી દિકરીના લગ્ન સુખરૂપ થયાં તે નિમિત્તે શ્રી નરનારાયણદેવને ભેટ- કરજન |
| ૫૦૦ | પરષોત્તમભાઈ કાનજી નાકરાણી પુનીતકુમારના લગ્ન પ્રસંગે ભેટ - ધાનેરા |
| ૨૦૧ | અમરબાઈ જાદવા પિંડોરીયા પૌત્ર પ્રીયંકના જન્મદિવસ નિમિત્તે ભેટ - નારણપર (ની.વા) |
| ૧૫૧ | જનકભાઈ. એમ. ભટ્ટ જન્મદિવસ નિમિત્તે ભેટ - ભુજ |

## ખાશા કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે કોરોના વાયરસને કારણે પોસ્ટ વિદેશનું બંધ હોવાથી 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબે (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. જેથી આપના ફોનમાંજ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.







ભુજ મંદિર દ્વારા જરૂરિયાતમંદ લોકોને અનાજ રસ-કસ સાથે ઓઢવા - પાથરવાની સામગ્રી અર્પણ કરાઈ

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વૃક્ષારોપણ - માંડવી કોડાય










માનકુવા ભક્તિનગરના દબાસીયા પરિવારના યજમાન પદે ખારેક ઉત્સવ - પ્રસાદી મંદિર ભુજ











નારણપર ઉ.વા. ના સાં.યો. બહેનોના યજમાન પદે મોસંબી ઉત્સવ - પ્રસાદી મંદિર ભુજ

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021




**પ્રસાદી મંદિરે પંચદિવસીય જનમંગલ જ્ઞાનયજ્ઞ મહોત્સવ હર્ષભેર ઉજવાયો - ભુજ**